# સાબરમતી



नदीमुखेनैव समुद्रमाविशेत्

અંકઃ04 | 2026

એપ્રિલ (વૈશાખ)



# સાંકળિયું


1. **જલિયાંવાલા બાગ હત્યાકાંડ** 4
   - ટીનૂ બારૈયા

2. डॉ. भीमराव आंबेडकर: शिक्षा, संघर्ष और परिवर्तन की कहानी 6
   - मो. कासिम

3. गुड फ्राइडे: त्याग, बलिदान व मुक्ति का प्रतीक 7
   - स्नेहा यादव

4. **"બિઝનેસથી બ્યુરોક્રેસી: ગુજરાતના યુવાનોની નવી દિશા"** 8
   - જિતેન્દ્ર ઢેબરીયા

5. **સ્ત્રીનું અસ્તિત્વ: સ્વતંત્રતા, સંઘર્ષ અને સમાનતા** 10
   - મેઘના ચાવડા

6. यात्रा और आजादी का दर्शन – घुमक्कड़ी की जिन्दगी 12
   - जयमाला डहाके

7. **દ્વિ-દિવસીય રાજ્યસ્તરીય કાર્યશાળા અનુવાદ: સિદ્ધાંત અને પ્રયોગ** 14
   - ડૉ. દિવ્યેશકુમાર ડી. ભટ્ટ

8. **સાબરમતી -પ્રતિભાવ** 16
   - પરીક્ષિત જોશી

9. **પ્રવૃત્તિ દર્પણ** 18
   - શ્રી અદ્વૈતા દવે
     - વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ
     - પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર
     - પ્રોફેસર ઓફ પ્રેક્ટિસનો સ્વાગત સમારોહ
     - સત્રાંત દિવસની ઉજવણી
     - કૌશલ્યથી કારકિર્દી તરફ
     - અન્ય પ્રવૃત્તિઓ



**તંત્રી**
ડૉ. હર્ષદ પટેલ

**પ્રકાશક**
ડૉ. હિમાંશુ પટેલ

**મુખ્ય સંપાદક**
ડૉ. ધ્વનિલ પારેખ

**સંપાદન મંડળ**
ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે

**ગ્રાફિક ડિઝાઇન**
ઈશિતા પારેખ

**ફોટોગ્રાફ્સ**
ધ્રુવ દવે

# સંપાદકીય લેખ

ડૉ. ધ્વનિલ પારેખ

સાબરમતીના માર્ચ મહિનાના અંકમાં જ એવી નોંધ કરી હતી કે ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. એપ્રિલ અને આવનારા મે મહિનામાં એ પ્રકોપ હજી વધશે. એપ્રિલ મહિનામાં જ ગરમીનો તીવ્ર અનુભવ થઈ રહ્યો છે. પણ એપ્રિલ અને મે મહિનાનું એક સુખ ફળોનો રાજા કેરી છે. સરસ કેરી ખાવા મળે એ આ મહિનામાં આનંદની વાત હોય છે.

સાબરમતીના આ અંકમાં આ દેશના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને (14 એપ્રિલ) યાદ કરવામાં આવ્યા છે. બંધારણને કારણે આજે પણ આપણાં લોકશાહી મૂલ્યો ટકી રહ્યાં છે. આ મહિનો એટલે જલિયાંવાલા બાગ હત્યાકાંડ પણ યાદ આવે. જનરલ ડાયરની ક્રૂરતાના ભોગ બનેલા નિર્દોષ લોકોને પણ આ અંકમાં યાદ કરવામાં આવ્યા છે. ગુજરાત વેપારનું રાજ્ય છે અને વેપારમાં અગ્રેસર છે પણ હવે સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંદર્ભે પણ એ કાઠું કાઢતું જાય છે. છેલ્લે આવેલા યુપીએસનાં પરિણામો એ બતાવે છે, કે સનદી સેવાઓની બાબતમાં પણ ગુજરાત હવે પોતાની ઓળખ ઊભી કરી રહ્યું છે. આ મહિનો ગુડફ્રાઈડેનો પણ મહિનો છે. ઈસુ ખ્રિસ્ત સાથે સંકળાયેલ માનવતાને આ અંકમાં યાદ કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓ દ્વારા સાબરમતીના અંકમાં નિયમિત લખવામાં આવી રહ્યું છે એ આનંદની વાત છે. અમારી અપેક્ષા અધ્યાપકો પાસેથી પણ એવી જ છે. આ અંકમાં એક લેખ સ્ત્રીના અસ્તિત્વને તાગે છે તો બીજી એક સમીક્ષામાં પણ સ્ત્રી કેન્દ્રસ્થાને છે. 'આઝાદી મેરા બ્રાંડ' ઘુમક્કડી કી જિન્દગીની સમીક્ષામાં પણ એક સ્ત્રીનો મિજાજ પામી શકાશે. ગૂજરાત વિદ્યાપીઠમાં નિયમિત વિવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે. અનુવાદ કાર્યશાળા એક મહત્ત્વની પ્રવૃત્તિ હતી, એનો વિગતવાર અહેવાલ અહીં આપવામાં આવ્યો છે અને અનુવાદ પ્રવૃત્તિ આજના સમયમાં કેટલી મહત્ત્વપૂર્ણ છે, એનો ખ્યાલ આવે છે.

વિદ્યાપીઠની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો એક મહત્ત્વનો ભાગ એટલે પ્રોફેસર ઑફ પ્રેક્ટિસની વિવિધ વિભાગમાં થયેલી નિમણૂક. જુદાજુદા વિભાગોમાં પ્રોફેસર ઑફ પ્રેક્ટિસનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. સાથેસાથે એટલા જ ઉત્સાહથી વિવિધ વિભાગોમાં સત્રાંત સમારોહનું આયોજન પણ કરવામાં આવ્યું. એપ્રિલનો અંત એટલે સત્રાંત પરીક્ષાઓ અને આ અંક પ્રગટ થશે ત્યાં સુધીમાં તો વિદ્યાર્થીઓ વેકેશનના માહોલમાં પોતાના વતન પહોંચી ગયા હશે.

ચૈતર-વૈશાખના વાયરા ફૂંકાય રહ્યા છે અને ગરમીના આકરા દિવસો વચ્ચે સહુને શાતા મળી એવી અભ્યર્થના!




# જલિયાંવાલા બાગ હત્યાકાંડ

ટીનૂ બારૈયા
એમ.એ. (ઇતિહાસ), સત્ર-4

**પ્રસ્તાવના**

13 એપ્રિલ 1919 પંજાબની ધરતીપર વૈશાખીનો પવિત્ર તહેવાર હતો તે દિવસે સુવર્ણમંદિરના આંગણે ભક્તિનો પવિત્ર માહોલ હતો. પણ તેનાથી થોડે જ દૂર જલિયાંવાલા બાગમાં ઇતિહાસનું સૌથી ક્રૂર પ્રકરણ લખાવાનું હતું. જ્યારે નિઃસહાય અને નિઃશસ્ત્ર ભારતીયો પર જનરલ ડાયરના સૈનિકોની ગોળી વરસી ત્યારે માત્ર રક્ત જ નહોતું વહ્યું પણ બ્રિટિશ હકુમતના પતનનો પાયો પણ નખાયો હતો. એ દિવસ ભારતની આઝાદીની લડાઈમાં એક એવો વળાંક સાબિત થયો જેણે કરોડો ભારતીયોના હૃદયમાં ક્રાંતિની મશાલ પ્રગટાવી હતી.

**ઐતિહાસિક પૃષ્ઠભૂમિ**

પ્રથમ વિશ્વયુદ્ધના સમયમાં એક બાજુ સરકાર મોન્ટેગ્યુ ઘોષણા દ્વારા ભારતીયોને રાજનૈતિક અધિકાર આપી પોતાની ઉદારતાનો પરિચય આપી રહી હતી તો બીજી બાજુ રાષ્ટ્રવાદીઓ અને ક્રાંતિકારીઓનું કઠોરતાપૂર્વક દમન કરી રહી હતી. આ સમયે ન્યાયાધીશ સીડની રોલેટની અધ્યક્ષતામાં 10 ડિસેમ્બર 1917મા પાંચ સદસ્યની સમિતિનું ગઠન કરવામાં આવ્યું જે ક્રાંતિકારી ગતિઓને રોકવાનો ઉપાય જણાવી શકે. સમિતિએ આ માટે કઠોર નિયમોની ભલામણ કરી પરિણામે કોઈપણ વ્યક્તિને માત્ર સંદેહના આધારે દંડ આપવામાં આવે તથા તેમના પર કેસ ચલાવી શકાતો હતો. 15 એપ્રિલ 1918 ના રોજ સમિતિનો રિપોર્ટ આવ્યો હતો. 18 માર્ચ 1919 ના રોજ સરકાર દ્વારા વિરોધ કર્યા હોવા છતાં તેને પાસ કરવામાં આવ્યો. જેના આધારે અપીલ દલીલ કે વકીલ રાખવાનો અધિકાર આપવામાં આવ્યો નહીં. આ એક્ટના વિરોધને લોકો સુધી પહોંચાડવા માટે ગાંધીજીએ ખિલાફત અને હોમરૂલ લીગ જેવી સંસ્થાઓનો સહારો લીધો હતો. આ એક્ટના કારણે અભૂતપૂર્વ જન આંદોલન થયું જે જલિયાંવાલા બાગ હત્યાકાંડનું કારણ ગણી શકીએ.

### જલિયાંવાલા બાગ હત્યાકાંડ

પંજાબના ઉપગવર્નર જનરલ માઇકલ ઓર્ડિનલ ડાયરે સમસ્ત પંજાબમાં આતંકનું રાજ્ય સ્થાપિત કર્યું હતું. આ વચ્ચે 9 એપ્રિલના રોજ રામનવમી તહેવાર પર હિંદુ મુસ્લિમોએ સંયુક્ત રૂપથી એક વિશાળ સરઘસ કાઢ્યું હતું. આથી ગભરાઈને સરકારે બે પ્રમુખ નેતાઓ ડૉ.સત્યપાલ અને સૈફુદીન કિચલુને ગિરફતાર કર્યા. તેમને અમૃતસરમાંથી નિર્વાસિત કરવામાં આવ્યા. સરકારની દમનાત્મક નીતિ અને ભારતીય નેતાઓની ગિરફતારીની વિરુદ્ધ 13 એપ્રિલ 1919 વૈશાખીના દિવસે જલિયાંવાલા બાગમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું. આ બાગ ખૂબ જ મોટો હતો પરંતુ તેમાંથી બહાર નીકળવાનો ફક્ત એક જ રસ્તો હતો. જનરલ ડાયર સ્વયં લગભગ 150 જેટલા સશસ્ત્ર સૈનિકો સાથે ત્યાં પહોચ્યા. સભાને ગેરકાનૂની ઘોષિત કરી તથા લોકોને સભા સ્થળથી છોડીને જવાનો સમય આપ્યા વગર જ ડાયરે સૈનિકોને ત્યાં એકત્ર ભીડ પર ગોળી ચલાવવાનો આદેશ દીધો. ગોળીઓનો વરસાદ ત્યાં સુધી થતો રહ્યો જ્યાં સુધી ગોળીઓ પૂરી ન થઈ. સરકારથી જાન બચાવવા માટે અનેક લોકો કૂવાઓમાં કૂદ્યા. આંકડા અનુસાર 379 લોકો મૃત્યુ પામ્યા અને 1200 જેટલા લોકો ઘાયલ થયા. જલિયાંવાલા બાગ હત્યાકાંડ અને અન્ય અત્યાચારોની સર્વત્ર નિંદા થવા લાગી હતી. બ્રિટિશ હાઉસ ઓફ કોમર્સમાં એક સદસ્ય એ કહ્યું કે "ऐसी बर्बरता की मिसाइल संसार में कही नहीं है."

### હન્ટર કમિશન

પ્રારંભમાં સરકારે આ હત્યાકાંડને ગંભીરતાપૂર્વક ન લીધો પરંતુ કોંગ્રેસના વારંવારના આગ્રહ અને સર્વવ્યાપી અસંતોષને કારણે 1 ઓક્ટોબર 1919માં હન્ટર કમિશનનું ગઠન કર્યું. આ કમિશનમાં પાંચ અંગ્રેજ સદસ્યો અને ત્રણ ભારતીય સદસ્ય હતા. પાંચ અંગ્રેજ સદસ્યોમાં લૉર્ડ હન્ટર (અધ્યક્ષ), જસ્ટિસ સર રેન્કિંન, ડબલ્યુ એફ રાઇસ, સર જ્યૉર્જ બૈરો, સર થોમસ સ્મિથ તથા ત્રણ ભારતીય સદસ્યમાં ચીમનલાલ સેતલવાડ, પંડિત જગત નારાયણ સાહબજાદા સુલતાન અહમદ ખાન હતા. હન્ટર કમિશને માર્ચ 1920મા પોતાનો રિપોર્ટ પ્રસ્તુત કર્યો. પરંતુ તેની પહેલા જ સરકારે દોષી લોકોને બચાવવા માટે ઇન્ડેમનિટી બિલ પાસ કરી દીધું. સમિતિના રિપોર્ટમાં પણ એમ કહેવામાં આવ્યું કે આ કાંડમાં સરકારનો કોઈ દોષ નથી.

### મદનમોહન માલવીય સમિતિ

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે આ ઘટનાની તપાસ માટે મદન મોહન માલવીયના અધ્યક્ષતામાં આયોગની નિયુક્તિ કરી અન્ય સદસ્યોમાં પંડિત મોતીલાલ નહેરુ, ગાંધીજી, અબ્બાસ તૈયબજી, સી.આર.દાસ અને પુપુલ જયકર હતા. આ સમિતિના રિપોર્ટનું પ્રારૂપ લખવાનું કાર્ય મહાત્મા ગાંધીજીને સોંપવામાં આવ્યું. સરકારે દોષી લોકોના વિરુદ્ધમાં કાર્યવાહી અને મૃતકોના પરિવારોને આર્થિક સહાયતા આપવાની માંગ કરી. પરંતુ સરકારે આ બાબત પર કોઈ ધ્યાન આપ્યું નહીં. પરિણામે ગાંધીજીએ અસહયોગ આંદોલન ચલાવવાનો નિણર્ય લીધો.

### જલિયાંવાલા બાગ હત્યાકાંડની અસર

આ હત્યાકાંડના વિરોધમાં રવીન્દ્રનાથ ટાગોરે બ્રિટિશ સરકાર દ્વારા આપવામાં આવેલ 'નાઈટહુડ' નો ખિતાબ 30 મે,1919ના દિવસે પરત આપ્યો.ગાંધીજી એ કેસર-એ-હિંદનો ખિતાબ બ્રિટિશ સરકારને પરત કર્યો. સર શંકરન નાયરે વાઇસરોયની કાર્યકારી પરિષદમાંથી રાજીનામું આપી દીધું. પંજાબના ક્રાંતિકારી ઉધમસિંહે 13 માર્ચ 1940મા લંડનમાં જલિયાંવાલા બાગ નરસંહાર કરનાર જનરલ ડાયરને ગોળી મારી હત્યા કરી. ઉધમસિંહને ગિરફતાર કરી તેમના પર કાર્યવાહી કરી તેમને મૃત્યુ દંડની સજા આપવામાં આવી. 2013માં બ્રિટિશ પ્રધાનમંત્રી ડેવિડ કેમર્થન આ સ્મારક પર આવ્યા હતા. વિઝીટર્સ બુકમાં તેમણે લખ્યું હતું કે બ્રિટિશ ઈતિહાસની આ એક શરમજનક ઘટના હતી.

**નિષ્કર્ષ :** જલિયાંવાલા બાગ આજે માત્ર એક સ્મારક નથી પરંતુ તે ભારતીયોના અતૂટ મનોબળ અને બલિદાનનું પ્રતીક છે. આ ઘટના આપણને શીખવે છે કે અન્યાય સામે અવાજ ઉઠાવવો એ જ સાચી રાષ્ટ્રભક્તિ છે. આ ઘટનાએ ભગતસિંહ અને ઉધમસિંહ જેવા યુવા ક્રાંતિકારીઓના મનમાં દેશભક્તિનું એવું બીજ રોપ્યું જેણે આગળ જતાં બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચાવી દીધા. આ લોહીથી ભીંજાયેલી માટીએ જ ભારતને અસંખ્ય ક્રાંતિકારીઓ આપ્યા. જ્યાં સુધી ભારતનો ઈતિહાસ લખાશે ત્યાં સુધી આ શહીદોનું બલિદાન આવનારી પેઢીઓ માટે પ્રેરણા સ્રોત બની રહેશે. "ઈતિહાસના પાનાં ભલે જૂનાં થાય, પણ શહીદોના લોહીના ડાઘ ક્યારેય ભૂંસાતા નથી."

# डॉ. भीमराव आंबेडकर: शिक्षा, संघर्ष और परिवर्तन की कहानी

मो. कासिम
एम.ए. (इतिहास)

## परिचय:

डॉ. भीमराव रामजी आंबेडकर का जन्म 14 अप्रैल 1891 को मध्य प्रदेश के महू में हुआ था। उनके पिता का नाम रामजी मालोजी सकपाल और माता का नाम भीमा बाई था। उनके जीवन में दो विवाह हुए, उनकी पहली पत्नी का नाम रमाबाई और दूसरी पत्नी का नाम सविता था। उनके पुत्र का नाम यशवंत आंबेडकर था। वे एक महान समाज सुधारक, विधिवेत्ता और भारतीय संविधान के निर्माता थे। डॉ. आंबेडकर ने अपने जीवन में समाज के पिछड़े और दलित वर्गों के उत्थान के लिए महत्वपूर्ण कार्य किए। 6 दिसंबर 1956 को दिल्ली में उनका निधन हो गया।

उनकी प्रारंभिक शिक्षा के बाद उन्होंने मुंबई के एलफिस्टन कॉलेज से उच्च शिक्षा प्राप्त की। यहीं से इन्होंने अपनी मैट्रिक व स्नातक तक की शिक्षा ली। यह अपनी जाति से पहले स्नातक करने वाले व्यक्ति थे और फिर गायकवाड़ घराने से सयाजीराव के द्वारा दिए गए स्कॉलरशिप की मदद से यह कोलंबिया यूनिवर्सिटी में दाखिला लिया और स्नातकोत्तर चार विषयों से किया – इतिहास, अर्थशास्त्र, राजनीति और कानून। लंदन स्कूल ऑफ इकोनॉमिक्स से 1923 में अर्थशास्त्र विषय में मुख्य रूप से अपना डॉक्टरेट की डिग्री ली, जिसमें उनके शोध विषयों में 'प्रांतीय वित्त' और 'रुपये की समस्या' प्रमुख थीं। कोलंबिया यूनिवर्सिटी, न्यूयॉर्क से (1916/17) में "ब्रिटिश भारत में प्रांतीय वित्त का विकेन्द्रीकरण" में भी PhD. इसके अलावा उन्होंने लंदन से 'बैरिस्टर-एट-लॉ' की डिग्री भी प्राप्त की। डॉ. भीमराव आंबेडकर के पास शिक्षा के क्षेत्र में लगभग 26 उपाधियां थीं।




मशहूर किताब 'Inside Asia' के लेखक जॉन गुन्ठर (John Gunther) ने लिखा है कि 'जब 1938 में मेरी राजगृह में आंबेडकर से मुलाकात हुई थी तब उनके पास 8000 किताबें थीं, उनकी मृत्यु तक यह संख्या बढ़कर 35000 हो चुकी थी'। यह आंबेडकर की किताबों के प्रति रुचि थी, ऐसे ही बाबा साहब के निकट रहे सहयोगी संकरानंद शास्त्री अपनी किताब "My Experiences and Memories of Dr. Baba Saheb Ambedkar" में लिखते हैं, 'मैं रविवार 20 दिसंबर, 1944 को दोपहर एक बजे आंबेडकर से मिलने उनके घर गया। उन्होंने मुझे अपने साथ जामा मस्जिद इलाके में चलने के लिए कहा जो उन दिनों पुरानी किताबें खरीदने का अड्डा हुआ करता था। मैंने उनसे कहने की कोशिश की कि दिन के खाने का समय हो रहा है लेकिन उन पर इसका कोई असर नहीं हुआ। जामा मस्जिद में होने की खबर चारों तरफ फैल गई जिससे लोग उनके चारों ओर इकट्ठा होने लगे। इस भीड़ में भी उन्होंने विभिन्न विषयों पर करीब दो दर्जन किताबें खरीदीं'। अम्बेडकर के एक और अनुयायी नामदेव निमगड़े अपनी किताब "In the Tiger's Shadow: The Autobiography of an Ambedkarite" में लिखते हैं, 'रात में अम्बेडकर अपनी पढ़ाई में इतने खो जाते थे कि उन्हें बाहरी दुनिया का कोई ध्यान नहीं रहता था। एक बार देर रात में उनकी स्टडी में गया और उनके पैर छू लिए। किताबों में डूबे अम्बेडकर बोले-'टॉमी ये मत करो'। मैं थोड़ा अचंभित हुआ। जब बाबा साहब ने आँख अपनी ऊपर उठाई तो मुझे देख कर वो झेंप गए। वो पढ़ने में इतने ध्यानमग्न थे कि उन्होंने मेरे स्पर्श को कुत्ते का स्पर्श समझ लिया।'

## संघर्ष:

दक्षिण भारत में जातिगत समस्याओं का मुकाबला करने के लिए सामाजिक पिछड़े वर्ग ने 1920 के दशक में एक 'आत्मसम्मान आंदोलन' चलाया। पूरे भारत में मंदिरों में अछूतों के प्रवेश की मनाही तथा दूसरे प्रतिबंधों के खिलाफ ऊँची तथा निचली जातियों के लोगों ने मिलकर अनेक सत्याग्रह आंदोलन चलाए। डॉ. भीमराव आंबेडकर लिखते हैं, 'आपके दुखों को कोई इतनी अच्छी तरह दूर नहीं कर सकता जिस तरह आप कर सकते हैं और आप इन्हें तब तक दूर नहीं कर सकते जब तक कि राजनीतिक सत्ता आपके हाथों में न आए... हमारे पास एक ऐसी सरकार होनी चाहिए जिसमें सत्ता में बैठे लोग जीवन के सामाजिक व आर्थिक नियमों को संशोधित करने से न डरते हों, जिसकी मांग न्याय और व्यावहारिकता करती है। इस भूमिका को ब्रिटिश सरकार कभी नहीं निभा सकती, केवल जनता की, जनता के लिए, जनता द्वारा चलाई जा रही सरकार, अर्थात दूसरे शब्दों में केवल एक 'स्वराज्य सरकार' इस काम को संभव बना सकती है'।

## गांधीजी और आंबेडकर के बीच मतभेद:

कई मुद्दों पर महात्मा गांधी व डॉ. भीमराव आंबेडकर के बीच मतभेद हुए हैं। आज़ादी के करीब दो दशक पहले आंबेडकर ने अपने अनुयायियों को स्वतंत्रता आंदोलन से अलग कर लिया था। अछूतों के प्रति गांधी के 'अनुराग' व बोलने के उनके दावे को आंबेडकर एक जोड़-तोड़ की रणनीति मानते थे। जब 14 अगस्त 1931 को गांधी से उनकी मुलाकात हुई थी तो गांधी ने उनसे कहा था, 'मैं अछूतों की समस्याओं के बारे में तब से सोच रहा हूँ जब आप पैदा भी नहीं हुए थे। मुझे ताज्जुब है कि इसके बावजूद आप मुझे उनका हितैषी नहीं मानते?'

धनंजय कीर अपनी किताब 'Dr. Ambedkar: Life and Mission' में लिखते हैं कि आंबेडकर ने गांधी से कहा, 'अछूतों के खैरख्वाह होते तो आपने कांग्रेस का सदस्य होने के लिए 'खादी पहनने' की शर्त के बजाय 'अस्पृश्यता निवारण' को पहली शर्त बनाया होता। किसी भी व्यक्ति को जिसने अपने घर में कम से कम एक अछूत व्यक्ति या महिला को नौकरी नहीं दी हो, या उसने एक अछूत व्यक्ति के पालन-पोषण का बीड़ा न उठाया हो, या उसने कम से कम सप्ताह में एक बार किसी अछूत व्यक्ति के साथ खाना न खाया हो, तो उसे कांग्रेस का सदस्य बनने की अनुमति नहीं दी जानी चाहिए थी। आपने कभी भी किसी भी कांग्रेस जिला पार्टी के अध्यक्ष को पार्टी से निष्कासित नहीं किया जो मंदिरों में अछूतों के प्रवेश का विरोध करते देखा गया'।

## परिवर्तन:

परिवर्तन किसी भी समाज के प्रगति का आधार होता है और आंबेडकर ने अपने जीवन से यह सिद्ध किया। उन्होंने समाज में व्याप्त जाति-भेदभाव, असमानता और अन्याय के विरुद्ध संघर्ष करते हुए एक बड़े सामाजिक परिवर्तन की नींव रखी। उनके लिए परिवर्तन केवल विचारों तक सीमित नहीं था, बल्कि उसे व्यवहार में लाना आवश्यक था। डॉ. आंबेडकर ने शिक्षा को परिवर्तन का सबसे प्रभावी साधन माना। उनका मानना था कि जब तक व्यक्ति शिक्षित नहीं होगा, तब तक वह अपने अधिकारों के प्रति जागरूक नहीं होगा। उन्होंने भारतीय संविधान के माध्यम से समानता, स्वतंत्रता और न्याय के सिद्धांतों को स्थापित किया, जिससे समाज में सकारात्मक बदलाव आया। उनका जीवन हमें सिखाता है कि सच्चा परिवर्तन संघर्ष, शिक्षा और दृढ़ संकल्प से ही संभव है। इन्हीं सभी उपलब्धियों से 1990 में भारत का सर्वोच्च नागरिक सम्मान 'भारत रत्न' मिला, जो मरणोपरांत था।

# गुड फ्राइडे: त्याग, बलिदान व मुक्ति का प्रतीक

स्नेहा यादव
इतिहास (बी.ए. सत्र-4)

भारत एतिहासिक तौर पर "त्योहार समृद्ध" देश रहा है। भारत के समावेशी लक्षण ने इस देश में एक सामासिक संस्कृति का निर्माण किया है। साथ ही भारत के संविधान के द्वारा प्राप्त धार्मिक अभिव्यक्ति की आजादी, भारत की संस्कृति को अधिक समृद्ध बनाती है। प्रत्येक त्योहार अपने आप में मानवता के लिए एक संदेश का वाहक होता है । कई त्योहार केवल घटना का स्मरण नहीं कराते, बल्कि वे मानवता, त्याग और आध्यात्मिक मूल्यों की गहरी अनुभूति कराते हैं। गुड फ्राइडे ऐसा ही एक महत्वपूर्ण दिन है, जिसे सम्पूर्ण विश्व में ईसाई समुदाय अत्यंत श्रद्धा और गंभीरता के साथ मनाता है। यह दिन दुःख और शोक का प्रतीक है, फिर भी इसमें निहित संदेश प्रेम, क्षमा और मुक्ति का है, जो इसे विशेष बनाता है।

**गुड फ्राइडे की ऐतिहासिक पृष्ठभूमि:**

ईसाई धर्म में गुड फ्राइडे का विशेष महत्व है, क्योंकि यह दिन येशु के क्रूस पर चढ़ाए जाने यानि क्रूसिफिकेशन की स्मृति में मनाया जाता है। ऐतिहासिक दृष्टि से यह घटना पहली शताब्दी ईस्वी में रोमन शासन के दौरान घटित हुई थी, जब यहूदी प्रदेश- यहूदिया (Judea) रोमन साम्राज्य के अधीन था। इसी काल में येशु का जन्म हुआ, जिनके उपदेश प्रेम, करुणा, क्षमा और ईश्वर के राज्य की स्थापना पर केंद्रित थे। उनके विचारों और शिक्षाओं ने समाज के विभिन्न वर्गों, विशेषकर आम जनमानस को गहराई से प्रभावित किया, जिससे उनकी लोकप्रियता तीव्र गति से बढ़ने लगी। किंतु यह बढ़ती लोकप्रियता तत्कालीन यहूदी धार्मिक नेतृत्व और रोमन प्रशासन के लिए चिंता का कारण बन गई ।

ईसाई धर्मग्रंथों, विशेषतः न्यू टेस्टामेंट के अंतर्गत वर्णित विवरणों के अनुसार, यीशु को यहूदी धार्मिक नेताओं के आग्रह पर गिरफ्तार किया गया। उन पर ईश्वर-निंदा (ब्लासफेमी) तथा स्वयं को "ईश्वर का पुत्र" घोषित करने का आरोप लगाया गया। चूँकि यहूदिया पर अंतिम प्रशासनिक अधिकार रोमन शासकों का था, इसलिए उन्हें रोमन गवर्नर पोंटियस पिलातुस (Pontius Pilate) के समक्ष प्रस्तुत किया गया। शुरुआत में पिलातुस के समक्ष येशु निर्दोष साबित हुए किंतु आगे चलकर जनता के दबाव में आकर उन्हें क्रूसिफाई करने का आदेश दिया गया।

तत्पश्चात येशु को जेरूशलेम के निकट स्थित गोलगोथा नामक स्थान पर क्रूस पर चढ़ाया गया। यह दंड रोमन साम्राज्य में अत्यंत कठोर और अपमानजनक माना जाता था, जो प्रायः अपराधियों और विद्रोहियों को दिया जाता था। ऐतिहासिक रूप से, येशु की क्रूस पर मृत्यु को लगभग 30–33 ईस्वी के बीच माना जाता है। इस घटना को ईसाई परंपरा में मानवता के उद्धार के लिए दिए गए सर्वोच्च बलिदान के रूप में देखा जाता है, जिसने आगे चलकर ईस्टर के रूप में पुनरुत्थान की अवधारणा को जन्म दिया। रोमन इतिहासकार टीसीटस तथा यहूदी इतिहासकार फ्लेवियस जोसपस ने अपने लेखनों में येशु के अस्तित्व और उनके क्रूस पर चढ़ाए जाने का उल्लेख किया है, जो इस घटना की ऐतिहासिकता पर प्रकाश आलोकित करता है। वर्तमान समय में भी कई इतिहासकार इस घटना की ऐतिहासिकता को स्वीकार करते हुए उन आधारों पर अपने निष्कर्ष देते है।




**"गुड" फ्राइडे क्यों?**

गुड फ्राइडे के संदर्भ में यह प्रश्न अत्यंत स्वाभाविक है कि जिस दिन येशु को क्रूस पर चढ़ाया गया, जो पीड़ा, अन्याय और मृत्यु का प्रतीक है , उसे "गुड" क्यों कहा जाता है। इस नामकरण के पीछे गहरे धार्मिक, भाषिक तथा ऐतिहासिक कारण निहित हैं, जो ईसाई धर्मशास्त्र की मूल अवधारणाओं से जुड़े हुए हैं। प्रथम दृष्टया, "गुड" शब्द का सामान्य अर्थ "अच्छा" या "शुभ" होता है, किंतु ऑक्सफोर्ड के मुताबिक,प्राचीन काल में इसका अर्थ "पवित्र" (होली) या "धार्मिक" माना जाता था। इसके पीछे भाषिक मान्यता यह भी है के "गुड फ्राइडे" वास्तव में "गॉड्स फ्राइडे" (ईश्वर का दिन) का परिवर्तित रूप हो सकता है, जो समय के साथ उच्चारण और प्रयोग में बदलकर "गुड फ्राइडे" बन गया। इसी भाषिक व सांस्कृतिक भिन्नता के कारण अलग अलग जगहों पर इसे अलग नामों से जाना जाता है – जेसे जर्मन में "शौकपूर्ण शुक्रवार", ग्रीक में " महान शुक्रवार " इत्यादि। ईसाई मान्यता के अनुसार येशु ने मानवता के पापों के प्रायश्चित के लिए अपना जीवन बलिदान कर दिया। यह बलिदान केवल एक ऐतिहासिक घटना नहीं, बल्कि "मुक्ति" की केंद्रीय अवधारणा का आधार है। ईसाई विश्वास के अनुसार, येशु की मृत्यु के माध्यम से मनुष्य को पापों से मुक्ति और ईश्वर के साथ पुनः संबंध स्थापित करने का अवसर प्राप्त हुआ। अतः यह दिन, यद्यपि बाह्य रूप से शोकपूर्ण है, अपने आध्यात्मिक परिणामों के कारण "अच्छा" या "कल्याणकारी" माना जाता है। इसके अतिरिक्त, यह दिन ईस्टर की पूर्वभूमिका भी प्रदान करता है, जो येशु के पुनरुत्थान का उत्सव है। इस दृष्टि से गुड फ्राइडे और ईस्टर एक ही आध्यात्मिक प्रक्रिया के दो चरण हैं—पहला, बलिदान और मृत्यु; दूसरा, पुनर्जन्म और आशा। यदि गुड फ्राइडे न होता, तो ईस्टर का धार्मिक महत्व भी अधूरा रहता। इस प्रकार, "गुड" शब्द उस दिव्य योजना की ओर संकेत करता है, जिसमें दुःख और बलिदान के माध्यम से अंततः आशा और जीवन की विजय होती है।

**निष्कर्षतः**

कहा जा सकता है कि "गुड फ्राइडे" का नामकरण एक आध्यात्मिक पैराडॉक्स को व्यक्त करता है – जहाँ बाहरी रूप से यह दिन दुःख और पीड़ा का प्रतीक है, वहीं आंतरिक रूप से यह मानवता के कल्याण, क्षमा और मुक्ति का संदेश देता है। यही कारण है कि ईसाई परंपरा में इस दिन को अत्यंत श्रद्धा और गंभीरता के साथ स्मरण किया जाता है।

**आधुनिक समयमें महत्व:**

आधुनिक समाज में, जहाँ स्वार्थ और भौतिकवाद का प्रभाव बढ़ता जा रहा है, गुड फ्राइडे मानवता को नैतिक मूल्यों की ओर लौटने की प्रेरणा देता है। यह दिन हमें दूसरों के दुःख को समझने, सहानुभूति रखने और आपसी संबंधों में प्रेम एवं क्षमा को अपनाने का संदेश देता है। इसके अतिरिक्त, यह सामाजिक समरसता और शांति की भावना को भी प्रोत्साहित करता है, क्योंकि इसका मूल संदेश सार्वभौमिक है और सभी धर्मों एवं संस्कृतियों के लोगों के लिए प्रासंगिक है। गुड फ्राइडे का महत्व आधुनिक युग में केवल एक धार्मिक अनुष्ठान तक सीमित नहीं रह गया है, बल्कि यह नैतिक, सामाजिक और मानवीय मूल्यों की पुनर्स्थापना का एक सशक्त माध्यम बन गया है। यह मात्र अतीत में घटित घटना न बनकर मानवीय मूल्यों के लिए मार्गदर्शक रूप है।

अत: इस प्रकार, गुड फ्राइडे मानवता के इतिहास में त्याग, प्रेम और क्षमा का एक अद्वितीय प्रतीक है। येशु का बलिदान यह सिखाता है कि सच्चा धर्म दूसरों के कल्याण में निहित होता है। येशु के इन्हीं मूल्यों को आगे चलकर महात्मा गांधी द्वारा आत्मसाद किया गया और भारतीय स्वतंत्रता संग्राम में अपनाया गया। यह दिन हमें आत्मचिंतन, नैतिकता और मानवीय मूल्यों को अपनाने की प्रेरणा देता है। गुड फ्राइडे का संदेश आज भी उतना ही प्रासंगिक है, जितना सदियों पहले था।

# બિઝનેસથી બ્યુરોક્રેસી: ગુજરાતના યુવાનોની નવી દિશા

-જિતેન્દ્ર ઢેબરીયા




આજકાલ ગુજરાતમાં યુવાનોને જો પૂછવામાં આવે કે કોલેજ પછી "આગળ શું કરવાનું?", તો પહેલાની જેમ "કોઈ જોબ કરી લઈશું' અથવા "બિઝનેસ કરવો છે" કે 'આગે આગે દેખા જાયેગા' જેવા જવાબોની જગ્યાએ હવે તેઓ ખૂબ સ્વાભાવિક રીતે —"UPSC/સ્પર્ધાત્મક પરીક્ષાની ટ્રાઈ કરવી છે." જેવા જવાબ આપે છે. સામાન્ય લાગતો આ જવાબ પ્રવર્તમાન સમયમાં યુવાનોની બદલાયેલી અપેક્ષાઓ, કારકિર્દીની પસંદગીની રીત અને ભવિષ્ય અંગેની તૈયારી દર્શાવે છે. વર્ષોથી વેપાર અને ઉદ્યોગ માટે જાણીતું ગુજરાત, હવે સરકારી સેવા અને ખાસ કરીને Union Public Service Commission (UPSC) દ્વારા લેવાતી અખિલ ભારતીય સનદી સેવા માટેની પ્રતિષ્ઠિત પરીક્ષાઓ ઉત્તીર્ણ કરનાર વહીવટી અધિકારીઓના રાજ્ય તરીકે પણ ઓળખાવા લાગ્યું છે. આ પરીક્ષાઓ પ્રત્યે વધતો રસ અને ઉત્તીર્ણ થનારની વધતી સંખ્યા યુવાનો માટે પ્રેરણા, અપેક્ષા, સ્પર્ધાત્મક વાતાવરણ અને સંસ્થાકીય ટેકાની બાબતે આવેલ ઊંડા બદલાવને દર્શાવે છે.

**છેલ્લા 5 વર્ષમાં ગુજરાતમાંથી અખિલ ભારતીય સનદી સેવા (UPSC) પરીક્ષા પાસ થયેલા ઉમેદવારો**

| વર્ષ | ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોની સંખ્યા | પસંદગીના વિષયો |
|---|---|---|
| 2025-26 | 34 | સમાજશાસ્ત્ર, જાહેર વહીવટ, માનવશાસ્ત્ર |
| 2024-25 | 26 | જાહેર વહીવટ, ભૂગોળ |
| 2023-24 | 24 | સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્ર |
| 2022-23 | 16 | રાજ્યશાસ્ત્ર , ઈતિહાસ, જાહેર વહીવટ |
| 2021-22 | 6 | જાહેર વહીવટ, સમાજશાસ્ત્ર |

(નોંધ: UPSC રાજ્ય પ્રમાણે સત્તાવાર આંકડા બહાર પડતું નથી, આ આંકડા વિવિધ દૈનિક પત્રોના રિપોર્ટ્સ પરથી તૈયાર કરેલા છે.)

ઉપરોક્ત કોષ્ટક ગુજરાતમાંથી UPSC દ્વારા લેવાતી અખિલ ભારતીય સનદી સેવા (All India Services-Class-1)ની પરીક્ષામાં સફળ થનાર ઉમેદવારોની સંખ્યા સ્થિર રીતે વધી રહી છે તેવાં પ્રવાહને દર્શાવે છે. 2021માં ગુજરાતમાંથી ફક્ત 6 ઉમેદવારો UPSCમાં સફળ થયા હતા. તે સમય સુધી UPSC ઘણા વિદ્યાર્થીઓ માટે "દૂરની અને મુશ્કેલ" વસ્તુ હતી. પરંતુ ત્યાર પછીનાં વર્ષોમાં આ પરિસ્થિતિ બદલાતી ગઈ. 2022માં આ સંખ્યા લગભગ 16 સુધી પહોંચી, 2023માં લગભગ 25થી વધુ વિદ્યાર્થીઓ સફળ થયા, અને 2024માં પણ આ આંકડો સ્થિર રહ્યો. તાજેતરમાં 2025માં લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારની સંખ્યા વધીને લગભગ 34 સુધી પહોંચી ગઈ છે. સફળ ઉમેદવારોની વધતી સંખ્યાથી સાબિત થઇ રહ્યું છે કે ગુજરાત હવે આ ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહ્યું છે. આ વૃદ્ધિ એક નવી માનસિકતા અને તકોની સમજણનું પરિણામ છે. જે થોડાં વર્ષો પહેલા દિલ્હી, બિહાર કે દક્ષિણ ભારત માટેની વાસ્તવિકતા હતી, તે હવે ગુજરાતમાં સાકાર થઇ રહી છે.

સંખ્યાની સાથેસાથે વિદ્યાર્થીઓ દ્વારા UPSC પરીક્ષામાં પસંદ કરવામાં આવતાં વિષયોમાં પણ એક ચોક્કસ પેટર્ન જોવા મળી રહી છે. છેલ્લા થોડાં વર્ષોમાં Sociology, Public Administration, Political Science, Geography અને Anthropology જેવા વિષયો વધારે પસંદ થયા છે. વિદ્યાર્થીઓ વ્યૂહરચના સાથે વિષયો પસંદ કરી રહ્યા છે કારણકે આ વિષયો General Studies સાથે જોડાયેલા હોય છે, સમજવામાં સરળ હોય છે અને તેમાં માર્ગદર્શન પણ સરળતાથી મળે છે. એટલે હવે વિદ્યાર્થીઓ માત્ર "મને ગમે છે" એ આધારે નહીં, પરંતુ "મને શું ફાયદો થશે" એ વિચાર સાથે પણ નિર્ણય લેતા થયા છે. ગુજરાતમાં આ પરીક્ષાને લગતું વાતાવરણ અને ઉપલબ્ધ માર્ગદર્શન આ વ્યૂહાત્મક વિષય પસંદગી પાછળનું જવાબદાર કારણ ગણાવી શકાય.

UPSCની અઘરી ગણાતી પરીક્ષામાં ગુજરાતી યુવાનોનું સફળ પ્રદર્શન એક આખી પ્રક્રિયા તરફ અંગુલીનિર્દેશ કરે છે. થોડા વર્ષો પહેલાં સુધી UPSC માટે તૈયારી કરવી એટલે દિલ્હી જવું જરૂરી માનવામાં આવતું. ત્યાં કોચિંગ, લાઇબ્રેરી, અને સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું વાતાવરણ મળતું હોવાથી વિદ્યાર્થીઓએ ત્યાં જ જવું પડતું હતું. પરંતુ હવે આ દૃશ્ય બદલાઈ રહ્યું છે. ગુજરાતમાં જ એવા માળખાં-કેન્દ્રો ઉભાં થયા છે કે જ્યાં વિદ્યાર્થીને સારી તૈયારી માટે જરૂરી બધું મળી શકે છે. આ બધામાં સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા Sardar Patel Institute of Public Administration (SPIPA) અને અમુક પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ભજવી છે. અહીં વિદ્યાર્થીઓને માર્ગદર્શન, તાલીમ અને રહેવાની સુવિધા મળતી હોવાથી ઘણા વિદ્યાર્થીઓ માટે UPSC પરીક્ષા માટેના સંસાધનો સુધીની 'પહોંચ" સરળ બની છે. સાથેસાથે અમદાવાદ, વડોદરા, સુરત અને ગાંધીનગર જેવા શહેરોમાં કોચિંગ ક્લાસ, લાઇબ્રેરી અને સ્ટડી સર્કલના થયેલા વિકાસે સ્પર્ધાત્મક પરીક્ષાના વાતાવરણને વધુ પ્રબળ બનાવ્યું છે.

ડિજિટલ માધ્યમો અને ખાસ કરીને Mobile Learningની સરળતાએ આ પરિવર્તનને વધુ ઝડપથી આગળ વધાર્યું છે. આજે કોઈપણ વિદ્યાર્થી પાસે ઇન્ટરનેટ હોય તો તે દેશના શ્રેષ્ઠ શિક્ષકોના લેકચર્સ જોઈ શકે છે, ઓનલાઇન ટેસ્ટ આપી શકે છે અને પોતાની તૈયારીનું મૂલ્યાંકન કરી શકે છે. સ્ટડી મટીરીયલ સુધીની આ પહોંચને કારણે ખાસ કરીને નાના શહેરો અને ગામડાંના વિદ્યાર્થીઓ માટે નવા દરવાજા ખુલ્યા છે. પહેલા જે સંસાધનો મર્યાદિત રીતે અને મોટા શહેરો પૂરતા મર્યાદિત મર્યાદિત હતા, તે હવે સૌને ઉપલબ્ધ છે. આથી સ્પર્ધા અને તકો, બંને વધી છે. સાથે સાથે સામાન્ય લોકોમાં જ્ઞાતિ સંમેલનો અથવા અન્ય મેળાવડાઓમાં આ બાબતે ચર્ચા થતી હોવાથી આ પરીક્ષાઓ બાબતે જાગૃતિ પણ આવી છે. આ સમગ્ર પ્રક્રિયામાં એક અન્ય નોંધનીય બાબત છે તે વિદ્યાર્થીઓમાં વધેલો આત્મવિશ્વાસ. જ્યારે પોતાના શહેર કે નજીકના વિસ્તારમાંથી કોઈ UPSC જેવી પરીક્ષા પાસ કરે છે, ત્યારે તે માત્ર એક વ્યક્તિની સફળતા નથી રહેતી, પરંતુ તે ઘણા અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણા બની જાય છે. "આ શક્ય છે" એવી માન્યતા ઊભી થાય છે. પહેલાં જે બાબત અતિ મુશ્કેલ અથવા અપ્રાપ્ય લાગતી હતી, તે હવે હાથવગી અને સરળ લાગે છે. આ પ્રકારની માનસિકતા બદલાવ કોઈપણ મોટા સામાજિક પરિવર્તન માટે જરૂરી હોય છે.




UPSC દ્વારા લેવાતી આ પરીક્ષા માટે તૈયારી શરૂ કરતાં પહેલાં એક વાત સ્પષ્ટ હોવી જોઈએ કે આ લાંબી અને સતત મહેનત માંગતી પ્રક્રિયા છે, એટલે શરૂઆતમાં જ પરીક્ષાની પેટર્ન અને અભ્યાસક્રમ બહુ સારી રીતે સમજવો ખૂબ જરૂરી છે. પરીક્ષાની તૈયારીનો આધાર મજબૂત બનાવવા માટે NCERT દ્વારા પ્રકાશિત સામાજિક વિજ્ઞાનના પુસ્તકો (ધોરણ 6થી 12) વાંચવાથી શરૂઆત કરવી જોઈએ. આ પાઠ્યપુસ્તકો વિવિધ ખ્યાલો (Concepts)ને સ્પષ્ટ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાનાં દૈનિક પત્રો જેવાં કે The Hindu, દૈનિક જાગરણ(હિન્દી) તથા વિશ્લેષણાત્મક મેગે ઝીન, જેવાકે Frontline વગેરે વાંચવાની ટેવ વિકસાવવી જોઈએ. વાંચનની સાથે સાથે વર્તમાન પ્રવાહો અંગે પોતાની નોંધ પણ તૈયાર કરવી જરૂરી છે. આ પરીક્ષાની તૈયારી કરતાં મિત્રો સાથે વિષયની ચર્ચા ઘટનાઓના વિશ્લેષણમાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. પરીક્ષાના વિષયો પસંદ કરતી વખતે ફક્ત "લોકો શું લે છે" તે જોઈને નહીં, પણ પોતાની રસ, સમજ અને ઉપલબ્ધ માર્ગદર્શન વગેર બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ. સમયાંતરે Moke Test આપવાથી તૈયારીની સમીક્ષા થઇ શકે અને ભવિષ્યની તૈયારી અંગે સ્પષ્ટતા મળી રહે.

ગુજરાતના વિદ્યાર્થીઓ માટે Sardar Patel Institute of Public Administration (SPIPA) એક સારું પ્લેટફોર્મ છે. SPIPAમાં પ્રવેશ માટે અલગ પરીક્ષા લેવાય છે, જેમાં સામાન્ય રીતે અભિગમ (Attitude), તાર્કિકતા (Reasoning), વર્તમાન પ્રવાહો (Current Affairs) અને સામાન્ય જ્ઞાન (General Knowledge) ની સમજ ચકાસવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ SPIPAમાં તાલીમ લેવાની તૈયારી કરે છે, તેઓએ શરૂઆતથી જ ખ્યાલાત્મક સ્પષ્ટતા (Concept Clarity) રાખવાની, વર્તમાન પ્રવાહો પર ધ્યાન આપવાની અને MCQ પરીક્ષા આપવાની ટેવ પાડવી જોઈએ. સાથેસાથે સમયનું સંચાલન (Time management), સાતત્ય (Consistency) અને માનસિક સંતુલન (Mental Balance) ખૂબ મહત્ત્વ ના છે, કારણ કે લાંબા સમય સુધી તૈયારી કરતા પ્રેરણાત્મક (Motivation) ઉતાર-ચઢાવ આવે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે UPSC કે SPIPA બંને માટે તૈયારી "ટ્રેન્ડ જોઈને" નહીં, પણ પોતાની ક્ષમતા અને સમજણને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. સાથે સાથે એક વૈકલ્પિક કારકિર્દી પ્લાન રાખવો પણ હિતાવહ છે.

અંતમાં, ગુજરાતમાં UPSCની પરીક્ષા તરફ વધતો રસ માત્ર એક તાત્કાલિક બનેલી ઘટના નથી, પરંતુ બદલાયેલ સામાજિક સ્થતિ અને નવી આશા-અપેક્ષાનું પ્રતી ક છે. 2021માં ફક્ત 6 સફળ ઉમેદવારોમાંથી શરૂ થયેલી આ યાત્રા આજે 30થી વધુ ઉમેદવારો સુધી પહોંચી છે. આ સિદ્ધિ બતાવે છે કે યોગ્ય માર્ગદર્શન, સુવિધાઓ અને વિશ્વાસનું વાતાવરણ મળે તો યુવાનો પોતાની દિશા અને પ્રદેશની ઓળખ બદલી શકે છે. ગુજરાત આજે ફક્ત વેપારીઓનું રાજ્ય નથી, પરંતુ ભવિષ્યના પ્રશાસકોનું કેન્દ્ર પણ બની રહ્યું છે. હવે પ્રશ્ન એ નથી કે "UPSC શક્ય છે કે નહીં," પરંતુ એ છે કે "અધિકારી બનીને આપણે રાષ્ટ્રના વિકાસમાં કેવી રીતે ફાળો આપીશું."

# સ્ત્રીનું અસ્તિત્વ: સ્વતંત્રતા, સંઘર્ષ અને સમાનતા

મેઘના ચાવડા
એમ.એસ.ડબ્લ્યુ. સત્ર-2

દર વર્ષે ૮ માર્ચે સમગ્ર વિશ્વમાં મહિલા દિવસ ઉજવાય છે. સોશિયલ મીડિયા પર શુભેચ્છા સંદેશાઓ વહે છે, સંસ્થાઓમાં કાર્યક્રમો યોજાય છે અને સ્ત્રીના સન્માન વિશે સુંદર શબ્દોમાં વાત કરવામાં આવે છે. પરંતુ જ્યારે આપણે આ ઉજવણીને થોડું ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીએ ત્યારે એક પ્રશ્ન ઊભો થાય છે – શું માત્ર એક દિવસની ઉજવણી સ્ત્રીના જીવનની વાસ્તવિકતાઓને બદલી શકે છે? મહિલા દિવસનો સાચો અર્થ માત્ર અભિનંદન કે અભિવાદન સુધી સીમિત નથી; તે સમાજના આંતરિક મનનનો અવસર છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે સ્ત્રીનું અસ્તિત્વ માત્ર કોઈ સંબંધમાં બંધાયેલું નથી. તે માત્ર દીકરી, પત્ની કે માતા તરીકે ઓળખાતી વ્યક્તિ નથી, પરંતુ પોતાની વિચારશક્તિ, સર્જનશક્તિ અને સપનાઓ ધરાવતી સ્વતંત્ર માનવી છે. છતાં ઇતિહાસના લાંબા સમયગાળામાં સમાજે ઘણીવાર સ્ત્રીને મર્યાદિત ભૂમિકાઓમાં બંધાવી રાખી છે. આથી મહિલા દિવસ આપણને વિચારવા મજબૂર કરે છે કે સ્ત્રીના પ્રશ્નોને સમજવા માટે માત્ર સંવેદના પૂરતી નથી, વિચાર અને વ્યવહારમાં પરિવર્તન પણ જરૂરી છે.

સમાજના વિકાસમાં સ્ત્રીનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ રહ્યું છે. પરિવાર, સંસ્કૃતિ અને સમાજના મૂલ્યોના નિર્માણમાં સ્ત્રીની ભૂમિકા મૂળભૂત છે. છતાં ઘણીવાર તેની ભૂમિકાને યોગ્ય રીતે માન્યતા મળતી નથી. સ્ત્રી જીવનના વિવિધ પરિમાણોમાં પોતાનું યોગદાન આપે છે—ઘરનું સંચાલન, સંતાનોનું લાલન-પાલન, સમાજમાં સંસ્કારોનું સંવર્ધન અને અનેક ક્ષેત્રોમાં સર્જનાત્મક કાર્ય. આ બધું હોવા છતાં ઇતિહાસના ઘણા સમયગાળામાં સ્ત્રીને મર્યાદિત અવકાશ આપવામાં આવ્યો હતો. આથી સ્ત્રીના પ્રશ્નોને સમજવા માટે સમાજની રચનાને સમજવી જરૂરી છે.


લાંબા સમય સુધી પિતૃસત્તાત્મક વ્યવસ્થાએ સમાજને એવી રીતે ગોઠવ્યો કે નિર્ણય લેવાની શક્તિ મુખ્યત્વે પુરુષોના હાથમાં રહી. આ વ્યવસ્થામાં સ્ત્રીનું યોગદાન ઘણીવાર અદૃશ્ય રહી ગયું. ઘરનું સંચાલન, સંતાનોનું લાલન-પાલન અને સંસ્કારોનું સંવર્ધન – આ બધું સ્ત્રીના હાથમાં હોવા છતાં તેને પૂરતું માન્ય સ્થાન મળ્યું નથી. ઘણીવાર એવું માનવામાં આવ્યું કે ઘરનું કામ કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય નથી, જ્યારે વાસ્તવમાં સમાજનાં મૂલ્યો અને સંસ્કૃતિનું નિર્માણ ઘરમાંથી જ શરૂ થાય છે. આથી સ્ત્રીનું યોગદાન અદૃશ્ય હોવા છતાં ખૂબ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ઘણીવાર સ્ત્રીઓને સામાજિક અને માનસિક અવરોધોનો સામનો કરવો પડે છે, જે તેમના વિકાસમાં અડચણ બને છે.

આ પરિસ્થિતિમાં નારીવાદનો વિચાર મહત્ત્વપૂર્ણ બની જાય છે. ઘણીવાર લોકો નારીવાદને ગેરસમજે છે અને તેને પુરુષ વિરોધી વિચારધારા માને છે. પરંતુ નારીવાદનો મૂળ અર્થ સમાનતા અને ન્યાય છે. તેનો ઉદ્દેશ સ્ત્રી અને પુરુષ બંનેને માનવી તરીકે સમાન અધિકાર અને અવકાશ આપવાનો છે. જ્યારે સ્ત્રીને પોતાના જીવન વિશે નિર્ણય લેવાની સ્વતંત્રતા મળે છે ત્યારે સમાજ વધુ સંતુલિત અને સંવેદનશીલ બને છે. નારીવાદ આપણને શીખવે છે કે સમાજમાં કોઈ પણ વ્યક્તિને માત્ર તેના લિંગના આધારે મર્યાદિત ન કરવી જોઈએ. આ વિચાર માત્ર સ્ત્રીઓ માટે નહીં પરંતુ સમગ્ર માનવ સમાજ માટે પ્રગતિનો માર્ગ ખોલે છે.

આધુનિક સમયમાં સ્ત્રીઓ અનેક ક્ષેત્રોમાં આગળ વધી રહી છે. શિક્ષણ, વિજ્ઞાન, કલા, સાહિત્ય, રાજકારણ અને રમતગમત જેવાં ક્ષેત્રોમાં સ્ત્રીઓ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. તેમ છતાં વાસ્તવિકતા એ છે કે હજુ પણ ઘણા વિસ્તારોમાં સ્ત્રીઓને સમાન તક મળતી નથી. ગ્રામ્ય વિસ્તારોમાં ઘણીવાર છોકરીઓને શિક્ષણની પૂરતી તક મળતી નથી, જ્યારે શહેરોમાં ઘણી વખત સ્ત્રીઓને કાર્યસ્થળ પર અસમાનતા અને માનસિક દબાણનો સામનો કરવો પડે છે. આથી સ્ત્રીના પ્રશ્નોને સમજવા માટે માત્ર એક દૃષ્ટિકોણ પૂરતો નથી; તેના માટે બહુઆયામી દૃષ્ટિકોણ જરૂરી છે. સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને માનસિક પરિબળો સાથે જોડાયેલા પ્રશ્નોને સમજીને જ સાચા અર્થમાં સમાનતાની વાત કરી શકાય.

સ્ત્રીના જીવનમાં ઓળખનો પ્રશ્ન પણ ખૂબ મહત્ત્વનો છે. ઘણીવાર સમાજ સ્ત્રીને કોઈના સંબંધ દ્વારા ઓળખે છે – કોઈની દીકરી, કોઈની પત્ની અથવા કોઈની માતા તરીકે. પરંતુ સ્ત્રીની પોતાની ઓળખ શું છે? તેના વિચારો, તેની પ્રતિભા અને તેની સ્વપ્નો કયા છે? આ પ્રશ્નો આજના સમયમાં વધુ મહત્ત્વપૂર્ણ બની રહ્યા છે. જ્યારે સ્ત્રી પોતાની ઓળખને સમજવા અને સ્વીકારવા લાગે છે ત્યારે તે માત્ર પોતાના જીવનમાં નહીં પરંતુ સમગ્ર સમાજમાં પરિવર્તન લાવી શકે છે. ઓળખનો પ્રશ્ન માત્ર વ્યક્તિગત નથી; તે સામાજિક અને સાંસ્કૃતિક માળખા સાથે જોડાયેલો છે.

સ્ત્રીનું અસ્તિત્વ માત્ર એક જ ભૂમિકામાં સીમિત નથી. તે સર્જન, વિચાર, કલા અને નેતૃત્વ જેવી અનેક શક્તિઓનું કેન્દ્ર બની શકે છે. સમાજ જો સ્ત્રીની આ બહુવિધ શક્તિઓને સ્વીકારી લે તો વિકાસનો માર્ગ વધુ વ્યાપક બની શકે છે. દરેક સમાજનો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે સ્ત્રી અને પુરુષ બંને સમાન રીતે વિકાસની પ્રક્રિયામાં ભાગ લે.




આર્થિક સ્વતંત્રતા પણ સ્ત્રીના સશક્તિકરણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જ્યારે સ્ત્રી આર્થિક રીતે સ્વાવલંબન બને છે ત્યારે તેને પોતાના જીવન વિશે નિર્ણય લેવાની વધુ શક્તિ મળે છે. પરંતુ આર્થિક સ્વતંત્રતા માત્ર રોજગાર મેળવવાથી જ પ્રાપ્ત થતી નથી; તેના માટે સમાજમાં સમાન તક અને સન્માન પણ જરૂરી છે. ઘણાં ક્ષેત્રોમાં સ્ત્રીઓ હજુ પણ પગારમાં અસમાનતા અને કાર્યસ્થળ પરના ભેદભાવનો સામનો કરે છે. આથી સમાનતાની વાત માત્ર કાયદા સુધી સીમિત ન રહેવી જોઈએ; તે સમાજના વિચારમાં પણ પ્રતિબિંબિત થવી જોઈએ.

મહિલા દિવસની ઉજવણીનો સાચો અર્થ ત્યારે જ સાકાર થાય છે જ્યારે આપણે આ દિવસને માત્ર ઉજવણી નહીં પરંતુ વિચારના અવસર તરીકે સ્વીકારીએ. આ દિવસ આપણને યાદ અપાવે છે કે સ્ત્રીના અધિકારો અને સન્માન માટે સતત પ્રયત્ન જરૂરી છે. સમાજમાં દરેક વ્યક્તિને સમાન તક મળે અને દરેક સ્ત્રી પોતાના સ્વપ્નો જીવવાની હિંમત મેળવી શકે – આ વિચાર જ મહિલા દિવસની આત્મા છે.

અંતમાં કહી શકાય કે સ્ત્રી માત્ર સમાજનો એક ભાગ નથી; તે સમાજના જીવન અને સંસ્કૃતિનું ધબકાર છે. જો સ્ત્રીને સમાનતા, સન્માન અને સ્વતંત્રતા મળશે તો સમાજ વધુ ન્યાયી અને માનવીય બની શકે છે. મહિલા દિવસની ઉજવણી ત્યારે જ સાચા અર્થમાં અર્થપૂર્ણ બનશે જ્યારે આપણે સ્ત્રીને માત્ર સન્માનના શબ્દોમાં નહીં પરંતુ વાસ્તવિક જીવનમાં સમાન સ્થાન આપીશું. સ્ત્રીના સશક્તિકરણની યાત્રા એક દિવસની ઉજવણીથી પૂર્ણ થતી નથી; તે સતત ચાલતી માનવીય યાત્રા છે, જેમાં સમાજના દરેક સભ્યનો સહયોગ જરૂરી છે.




# यात्रा और आजादी का दर्शन – घुमक्कड़ी की जिन्दगी

जयमाला डहाके
बी.ए. (अंग्रेजी), सत्र-6

**पुस्तक का नाम:**
आजादी मेरा ब्रांड
**लेखिका:**
अनुराधा बेनीवाल
**प्रकाशक:**
राजकमल प्रकाशन, नई दिल्ली
**वर्ष:**
2016

यह एक यात्रा वृत्तांत है और नारीवादी परिप्रेक्ष्य में लिखा गया यात्रा वृत्तांत है। यह पुस्तक बीसवीं सदी की एक लड़की की कहानी है जो दुनिया में घूम कर व्यक्तिगत आजादी को पहचानने की कोशिश कर रही है। इसमें बीसवीं सदी के बाद की एक स्वतंत्र और आत्मनिर्भर महिला का चित्रण दर्शाया गया है। आज भी पितृसत्ता समाज में दिखाई देती है, परंतु इस यात्रा वृत्तांत के जरिये यह भी दिखाई देता है कि महिलाएँ खुद को पहचान रही हैं और खुद को आगे बढ़ा रही हैं। हालांकि यह पुस्तक कोई अकादमिक लेखन नहीं है, परंतु समाज को एक संदेश जरूर देती है। इससे आज के समाज की लड़कियों को प्रेरणा मिलती है। ‘आजादी मेरा ब्रांड’ महज एक पुस्तक नहीं बल्कि महिलाओं को सशक्त आवाज देने वाली रचना है।

इसमें एक लड़की अनुराधा की यात्रा का विवरण है, जो कि पुणे से शुरू होती है और फिर यूरोप तक चलती है। इस यात्रा में वह अपनी कहानी और अनुभवों के साथ-साथ कई अन्य महिलाओं के अनुभवों को भी प्रस्तुत करती है, जो पितृसत्तात्मक मान्यताओं के बीच अपने जीवन को जी रही हैं।

अनुराधा बेनीवाल का जन्म भारत के हरियाणा राज्य के रोहतक जिले के एक गाँव में 1986 में हुआ। उनकी बारहवीं तक की अनौपचारिक पढ़ाई घर में ही हुई। पंद्रह वर्ष की आयु में उन्होंने विश्व शतरंज प्रतियोगिता में भारत का प्रतिनिधित्व किया। आगे की पढ़ाई उन्होंने दिल्ली विश्वविद्यालय के मिरांडा हाउस कॉलेज से अंग्रेजी विषय में बी.ए. ऑनर्स और फिर अंग्रेजी साहित्य में एम.ए. के रूप में की। इस दौरान वे कई खेल गतिविधियों से भी जुड़ी रहीं। फिलहाल वे लंदन में एक जानी-मानी शतरंज की कोच हैं। वे मुख्य रूप से यात्रा वृत्तांत लिखती हैं। ‘आजादी मेरा ब्रांड’ उनकी प्रसिद्ध कृति है, जो मूल रूप से हिन्दी में लिखी गई है। इसमें उन्होंने अपनी यूरोप यात्रा के अनुभवों को साझा किया है। वे हरियाणा के रोहतक में लड़कियों के सर्वांगीण विकास के लिये ‘जियो बेटी’ नाम से एक स्वयंसेवी संस्था भी चलाती हैं।

## पुस्तक की विषयवस्तु

'आजादी मेरा ब्रांड' यायावरी आवारगी का पहला पड़ाव है। राजकमल प्रकाशन सृजनात्मक गद्य सम्मान से सम्मानित इस कृति का पहला संस्करण जनवरी 2016 में प्रकाशित हुआ था। इस पुस्तक में नए जमाने की भारतीय फकीरन के रूप में अनुराधा को देखा गया है। वे यूरोप के कई शहरों में घूमती हैं जैसे लंदन, पेरिस, ब्रसेल्स, एम्सटर्डम, बर्लिन, प्राग, ब्रातिस्लावा, बुडापेस्ट, म्युनिख, बर्न आदि।

अनुराधा की यात्रा की शुरुआत भारत के पुणे शहर से होती है। यहाँ उसकी मुलाकात रमोना नाम की एक लड़की से होती है। रमोना एक ऐसी लड़की थी जो पूरी तरह से आजादी से जीती थी और जिसे इस बात की परवाह नहीं थी कि लोग उसके बारे में क्या सोचते हैं। अनुराधा इस लड़की से मिलने के बाद काफी वक्त गुजारने के बाद खुद की आजादी से वाकिफ हुई। रमोना के जाने के बाद अनुराधा उस आजादी को अनुभव करने और उसे आजमाने के लिये यूरोप की यात्रा पर निकल पड़ती है। यहीं से उसकी आजादी की यात्रा शुरू होती है, जिसे वह बाद में एक ब्रांड के रूप में व्यक्त करती है।

अनुराधा पुणे में अपनी नौकरी छोड़कर लंदन पहुँचती है। उसके मन में घूमने-फिरने के कई सपने थे, लेकिन धीरे-धीरे उसे एहसास होता है कि भारत में नौकरी करके जो पूंजी उसने जमा की है, उससे वह अधिक समय तक वहाँ नहीं रह सकती। इसलिए वह लंदन के एक रेस्टोरेंट में काम करने लगती है और हर महीने लगभग पंद्रह सौ पाउंड बचा लेती है। एक दिन रेस्टोरेंट में शराब पीकर हंगामा करने के कारण उसे नौकरी से निकाल दिया जाता है। परंतु उसे इसका अफसोस नहीं होता, बल्कि उसे आत्मविश्वास मिलता है कि वह यहाँ आकर कमा सकती है तो आगे भी कुछ कर सकती है।

इसके बाद अनुराधा पेरिस पहुँचती है। वहाँ वह अपने रहने के लिये जगह ढूँढती है और कई नए दोस्त बनाती है। पेरिस में एफिल टावर देखने के बाद वह अपनी फेसबुक मित्र सविता के घर वरसाय जाती है और रात भर उससे बातें करती है। इसके बाद उसे अपनी एक और मित्र जुही का संदेश मिलता है, जो उसे अपने बेटे के जन्मदिन पर बुलाती है। वहाँ पहुँचकर अनुराधा को भारतीय पितृसत्तात्मक व्यवस्था की झलक दिखाई देती है, क्योंकि जुही का पति उसके साथ अच्छा व्यवहार नहीं करता। अनुराधा उसकी तकलीफ को महसूस करती है और वहाँ से आगे अपनी यात्रा जारी रखती है।

इस तरह वह हर शहर में नए लोगों से मिलती है, नए अनुभव प्राप्त करती है और आगे बढ़ती जाती है। कई बार वह फेसबुक मित्रों के घर रुकती है और कभी-कभी अनजान होस्ट के घर भी। ब्रसेल्स में वह एक बुजुर्ग होस्ट के घर रुकती है। वह अकेली लड़की थी, इसलिए उसे डर भी लगता है। एक रात वह ऐसे कमरे में सोती है जहाँ दरवाजे पर कुंडी भी नहीं होती। वह पूरी रात सावधानी के साथ बिताती है, पर बाद में उसे पता चलता है कि उसका होस्ट वास्तव में एक अच्छा इंसान है जो उसे शहर के बारे में जानकारी देता है।

एम्सटर्डम में वह वहाँ की सामाजिक व्यवस्था और संस्कृति के बारे में लिखती है। वहाँ सेक्स ट्रेड कानूनी है और इस विषय पर वह अपने विचार प्रस्तुत करती है। वह कहती है कि लड़कियों को शरीर के साथ भावनाओं का मेल चाहिए होता है, जबकि लड़के शरीर और भावनाओं को अलग-अलग रख सकते हैं। लेकिन जैसे-जैसे सामाजिक कंडीशनिंग टूटती है, भावनाएँ ओवररेटेड लगने लगती हैं और शरीर की आवश्यकताएँ अंडररेटेड।

बर्लिन में वह जर्मनी के इतिहास और समाज को देखने का प्रयास करती है। वहाँ बच्चों को देखकर वह लिखती है कि आम धारणा है कि गरीब का बच्चा फीस न दे पाने के कारण पढ़ाई छोड़ देता है और अमीर का बच्चा बिगड़ने के कारण, परंतु वास्तविकता इससे कहीं अधिक जटिल है। लेखिका कहती है जब आप शहर को जान रहे होते हैं, शहर भी आपको जान रहा होता है। आप शहर पर काम करते हैं, शहर आप पर काम करता है। थोड़ा शहर आपको अच्छा लगता है और थोड़े आप शहर को अच्छे लगते हो।

यात्रा के दौरान उसे कुछ चीनी लड़कियाँ मिलती हैं जो गुब्बारे फुलाकर उनसे खिलौने बनाती हैं और उन्हें बेचकर यूरोप की यात्रा कर रही हैं। वे गुब्बारे बेचकर पैसे कमाती हैं, गाना गाती हैं और संगीत बजाती हैं। अनुराधा उनके साहस और आत्मनिर्भरता की प्रशंसा करती है। ब्रातिस्लावा और बुडापेस्ट में उसे कई नए अनुभव मिलते हैं। एक जगह जब होस्ट उसे अपने साथ कमरे में सोने के लिये कहता है तो एक भारतीय लड़की के लिये यह बात थोड़ी असहज लगती है। वह विनम्रता से मना कर देती है और जहाँ थोड़ी जगह मिलती है वहीं सो जाती है।

बुडापेस्ट में वह लड़कियों की दोस्ती और रिश्तों के बारे में लिखती है। वह कहती है कि किसी नए लड़के से दोस्ती करने में खुद-ब-खुद एक अजीब सी सावधानी आ जाती है—दोस्ती भी करनी है और प्यार भी नहीं होने देना। इस संतुलन में दोस्तों वाली बेपरवाही कहीं खो जाती है। वह एक लड़की के घर रहती है जो कि वे दो ही लोग रहते हैं। माँ का अलग घर है और बेटी का अलग। क्योंकि बेटी के अपने दोस्त आते हैं और यह बात अनुराधा को खटकती है कि माँ के भी दोस्त होते हैं क्या। लेखिका कहती है कि मेरी माँ के दोस्त आज तक नहीं देखे वह तो पापा के दोस्तों की बीबीयाँ या तो मेरे दोस्तों के माँ के साथ दोस्ती करती है और आज तक कभी माँ की पसंद तक नहीं पूछी गई। यह बात वाकई में सोचने पर मजबूर करती है। यात्रा के अंतिम चरण में वह बर्न से ट्रेन लेकर फ्रांस के बॉर्डर के पास एक गाँव पहुँचती है और वहाँ से पेरिस लौटती है। पेरिस में अपनी मित्र सुमन के घर रुककर वह अपनी यात्रा को विराम देती है और फिर लंदन लौट जाती है।

यात्रा वृत्तांत पढ़कर ऐसा लगता है जैसे लेखिका पाठक को अपने साथ यात्रा पर ले जा रही हो। इसकी भाषा सरल और सुगम है। लेखिका ने आधुनिक हिन्दी का प्रयोग किया है और बीच-बीच में अंग्रेजी शब्दों का भी इस्तेमाल किया है। लेखिका का मानना है कि जब कोई लड़की किसी भी शहर या देश में अपनी इच्छा से घूम-फिर सकती है, बिना लोगों की परवाह किये अपने तरीके से कपड़े पहनकर बाहर निकल सकती है, तभी वह असली आजादी का अनुभव करती है। यह वृत्तांत हर लड़की को प्रेरित करता है कि आजादी क्या है और उसे किस तरह अनुभव किया जा सकता है। भारत जैसे देश में यह अनुभव अभी भी आसान नहीं है, जहाँ लड़कियों के अकेले घूमने को लेकर कई सामाजिक बाधाएँ मौजूद हैं।

यह पुस्तक नारीवादी दृष्टिकोण से लिखी गई है, लेकिन केवल उसी तक सीमित नहीं है। यह समाज को यह सोचने के लिये प्रेरित करती है कि क्या लड़कियाँ भी स्वतंत्र रूप से यात्रा कर सकती हैं और अपने जीवन के निर्णय स्वयं ले सकती हैं। अनुराधा की यात्रा इसी प्रश्न का उत्तर खोजने की एक कोशिश है।

# દ્વિ-દિવસીય રાજ્યસ્તરીય કાર્યશાળા
# અનુવાદ: સિદ્ધાંત અને પ્રયોગ

- ડૉ. દિવ્યેશકુમાર ડી. ભટ્ટ

ગૂજરાત વિદ્યાપીઠના ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખાના અંગ્રેજી વિભાગ દ્વારા 16 અને 17 માર્ચ 2026ના રોજ 'અનુવાદ: સિદ્ધાંત અને પ્રયોગ' વિષય પર બે દિવસીય રાજ્યસ્તરની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનું આયોજન ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક અનુદાનથી શક્ય બન્યું હતું. આ કાર્યશાળાનો હેતુ અનુવાદને એક સિદ્ધાંતાત્મક અને વ્યવહારુ પ્રક્રિયા તરીકે સમજાવવાનો તેમજ એ. આઇ. (AI) જેવા આધુનિક પ્રવાહોનો પરિચય કરાવવાનો હતો. આ કાર્યક્રમમાં અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી વિભાગના પ્રોફેસરો અને પીએચ.ડી. સંશોધકોની ઉત્સાહભરી સહભાગિતા રહી હતી.

આધુનિક યુગમાં Artificial Intelligence જેવી નવીન ટેકનોલોજીઓનો ઝડપી વિકાસ માનવ જીવનના લગભગ દરેક ક્ષેત્રમાં પરિવર્તન લાવ્યું છે, જેમાં ભાષા અને અનુવાદ ક્ષેત્ર પણ વિશેષરૂપે અસરગ્રસ્ત બન્યા છે. વૈશ્વિકીકરણના આ સમયમાં વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિઓ વચ્ચે સંવાદ સ્થાપિત કરવા માટે અનુવાદની ભૂમિકા અનિવાર્ય બની ગઈ છે. અનુવાદ માત્ર શબ્દોના રૂપાંતરણ સુધી મર્યાદિત નથી, પરંતુ તે એક ભાષાના ભાવ, સંસ્કાર અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓને બીજી ભાષામાં જીવંત રીતે પ્રતિબિંબિત કરવાની સર્જનાત્મક પ્રક્રિયા છે. આ દૃષ્ટિએ અનુવાદ માનવ સંસ્કૃતિઓને જોડતો એક સેતુ બની રહે છે, જે ભિન્નતામાં એકતા શોધવાની દિશામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

AIના ઉદય સાથે અનુવાદ પ્રક્રિયામાં ઝડપી ગતિ, સહજતા અને વ્યાપકતા આવી છે, પરંતુ સાથે જ માનવીય સંવેદનાની આવશ્યકતા પણ વધુ સ્પષ્ટ બની છે. યાંત્રિક અનુવાદ સાધનો ભાષાકીય માળખાને સમજવામાં સહાયક થાય છે, પરંતુ સાહિત્યિક સૂક્ષ્મતા, સંદર્ભની ઊંડાણપૂર્ણ સમજ અને ભાવનાત્મક સ્પર્શ માટે માનવીય અનુવાદકની ભૂમિકા અપ્રતિમ છે. આથી, આધુનિક પરિસ્થિતિમાં અનુવાદ પ્રવૃત્તિઓ માનવ અને યાંત્રિક બુદ્ધિના સમન્વય દ્વારા વધુ સમૃદ્ધ બની શકે છે, જ્યાં ટેકનોલોજી સાધનરૂપ બને છે અને માનવીય સર્જનાત્મકતા તેને સચોટ અર્થ અને સૌંદર્ય પ્રદાન કરે છે.

આમ, અનુવાદનું ક્ષેત્ર જે ખૂબ જ અગત્યનું હોવા છતાં, અભ્યાસ વિશ્વની મુખ્યધારામાં ક્યાંક હાંસિયે મુકાયેલું છે તેના ઉપર વિધિસર વિચાર કરવા, ઊગતી પેઢીના વિદ્યાર્થીઓને અનુવાદના વિશ્વથી અભિમુખ કરવા તથા આ ક્ષેત્રે કાર્યરત એવાં તજજ્ઞોના અનુભવ ભાથામાંથી શૈક્ષિક જગતને નવનીત પ્રાપ્ત થાય તેવા ઉમદા ધ્યેયોને અનુલક્ષીને આયોજિત આ રાજ્યસ્તરીય કાર્યશાળા તારીખ 16 માર્ચ 2026ના સવારે 10 વાગ્યે, દીપ-પ્રજ્વલનની પવિત્ર વિધિ દ્વારા ખુલ્લી મૂકી હતી. આ ઉદઘાટન સત્રનું અધ્યક્ષ સ્થાન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે સંભાળ્યું હતું, અને મુખ્ય મહેમાન તરીકે જાણીતા અનુવાદક ડૉ. અરુણાબા જાડેજા હાજર રહ્યાં હતાં. મંચ પર ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખાના








ડીન પ્રો. સંજય મકવાણા અને અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. અતુલકુમાર પરમાર હાજર હતા. સમગ્ર સત્રનું સંચાલન ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યું હતું. અધ્યક્ષીય વ્યાખ્યાન કરતાં ડૉ. હર્ષદ પટેલ સાહેબે કાર્યશાળાને શુભેચ્છાઓ સહ સાંપ્રત સમયમાં અનુવાદની ભૂમિકા વિષે સુંદર વાત મૂકી હતી.

કાર્યશાળાના પ્રથમ સત્ર 'અનુવાદ: કળા અને વિજ્ઞાન'માં ડૉ. અરુણાબા જાડેજાએ અનુવાદના સ્વરૂપને એક સર્જનાત્મક કલા અને વૈજ્ઞાનિક પ્રક્રિયા તરીકે સમજાવ્યું. તેમણે ખાસ કરીને સાંસ્કૃતિક સંદર્ભો અને શબ્દોના અનુવાદમાં આવતી મર્યાદાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે અનુવાદકનું સ્થાન ભલે સર્જક પછી બીજું આવતું હોય, પરંતુ અનુવાદક એક ભાષાની કૃતિને બીજી ભાષાના પરિવેશમાં લઇ જાય છે અને તેનું આ યોગદાન સર્જન કરતાં સહેજ પણ ઉતરતું નથી તેમ જણાવ્યું હતું. સત્ર દરમિયાન તેમણે કેટલીક એવી સાંસ્કૃતિક શબ્દાવલીઓ પર આધારિત પ્રયોગાત્મક પ્રવૃત્તિઓ પણ કરાવી, જેનો અનુવાદ કરવો મુશ્કેલ હોય છે, જેથી વિદ્યાર્થીઓને સંદર્ભ અને સંસ્કૃતિના મહત્ત્વની સમજ મળી. આજ સત્રમાં ડૉ. અમરેન્દ્ર પાંડેએ પ્રતિભાગીઓને હિન્દી, ગુજરાતી અને અંગ્રેજીની અમુક કહેવતો આપી અને હાજર સૌને તેના અનુવાદ કરવાની કવાયત આપી હતી. જેના અનુવાદ કરવાની પ્રક્રિયામાં જોતરીને સૌને અનુવાદના કસબની ઝલક પ્રાપ્ત થઇ હતી. આ અભ્યાસ દ્વારા પ્રતિભાગીઓને સમજાયું કે કહેવતોનો શાબ્દિક અનુવાદ શક્ય નથી અને તેમાં સાંસ્કૃતિક અર્થને જાળવી રાખવા માટે યોગ્ય પદ્ધતિ અપનાવવી જરૂરી છે.

દિવસના બીજા સત્રમાં ડૉ. પ્રણવ જોશીપુરાએ "અનુવાદ: પ્રક્રિયા અને પ્રયોગ' વિષય પર માર્ગદર્શન આપ્યું. આ સત્રમાં વિદ્યાર્થીઓને જુદાજુદા સમૂહોમાં વહેંચીને ગદ્ય, કાવ્ય અને ચિત્રોના અનુવાદ માટે કાર્ય આપવામાં આવ્યું. તેમણે સમજાવ્યું કે અનુવાદ માત્ર શબ્દોનું પરિવર્તન નથી પરંતુ વિચાર, ભાવનાઓ અને સંસ્કૃતિનું સ્થાનાંતરણ છે. ચિત્રોના અનુવાદનો સમાવેશ આ સત્રની વિશેષતા રહી, જેના દ્વારા અનુવાદની વ્યાપકતા વધુ સ્પષ્ટ થઈ.

કાર્યશાળાના બીજા દિવસે પણ સમયસર સૌની હાજરી અને પરિસંવાદ ખંડમાં અનુવાદ વિશેની પારસ્પરિક ચર્ચાઓએ વાતાવરણને જીવંત કરી મુક્યું હતું. આ સત્રમાં ડૉ. રાજેશ પટેલની ગેરહાજરીને કારણે, ડૉ. દિવ્યેશ ભટ્ટ દ્વારા "Navigating AI Translation" વિષય પર સત્ર લેવામાં આવ્યું, જેમાં AI આધારિત અનુવાદ સાધનોના ઉપયોગ અને તેની સાથે જોડાયેલા પડકારો અંગે સમજ આપવામાં આવી. ડૉ. ભટ્ટે મશીન દ્વારા થતા અનુવાદમાં રહેલા જોખમોની સદૃષ્ટાંત ચર્ચા કરી, મશીનને ઉપયોગ કરવામાં આવે ત્યારે અનુવાદકે પોતાને સતર્ક રહી ચોક્કસ અર્થ જોખમાતો તો નથી તે અંગેની તકેદારી રાખવાની વાત પણ કરી હતી. એ જ સત્રમાં ડૉ. અમરેન્દ્ર પાંડે દ્વારા "The Digital Architecture of Justice: Artificial Intelligence in Legal Translation at the Court of Justice of the European Union" વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમણે કાનૂની અનુવાદમાં AIના ઉપયોગ, તેની અસરકારકતા અને મર્યાદાઓ વિશે વિગતવાર ચર્ચા કરી. આ સત્રમાં ડૉ. અમરેન્દ્ર પાંડેએ પ્રતિભાગીઓને UGCના પીએચ. ડી. નિયમો, ઘર ભાડા કરાર અને સુપ્રીમ કોર્ટના આદેશોના અનુવાદ માટે કાર્ય આપ્યું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને કાનૂની અને તકનીકી અનુવાદનો પ્રાયોગિક અનુભવ મળ્યો અને તેમની રજૂઆતો પર ચર્ચા પણ કરવામાં આવી.



વર્કશોપના અંતિમ સત્રમાં ડૉ. રૂપાલી બર્કે 'અનુવાદમાં એ. આઈ. નો ઉપયોગ અને મર્યાદાઓ' વિષય પર વ્યાખ્યાન આપ્યું. તેમણે અનુવાદમાં AIની ભૂમિકા, તેનાં લક્ષણો અને તેના પ્રભાવ અંગે ચર્ચા કરી. અખબારી કટિંગ્સના વિશ્લેષણ દ્વારા તેમણે AI અનુવાદ સાથે જોડાયેલા વાસ્તવિક પ્રશ્નો અને નૈતિક મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો. આ સત્રમાં પ્રતિભાગીઓને સાહિત્યિક અને બિન-સાહિત્યિક ગદ્યનો અનુવાદ કરવા આપ્યો અને પછી એના ઉપર ચર્ચા કરવામાં આવી.

તા. 17 માર્ચ 2026ના રોજ સાંજે 5 કલાકે સમાપન સત્ર યોજવામાં આવ્યું જેમાં અધ્યક્ષ તરીકે પ્રો. સંજય મકવાણા, મહેમાન તરીકે ડૉ. રૂપાલી બર્ક હાજર હતાં. સત્રનું સંચાલન ડૉ. દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું. તહજીબ નોડેએ સમગ્ર કાર્યશાળાનો અહેવાલ આપ્યો. પછી છ પ્રતિભાગીઓએ પોતાના અભિપ્રાયો રજૂ કર્યા. બધાએ કાર્યશાળામાં આયોજિત કાર્યોથી સંતોષ વ્યક્ત કર્યો. પ્રો સંજય મકવાણાએ કાર્યશાળામાં આયોજિત સત્રોથી પ્રસન્નતા વ્યક્ત કરી. ડૉ. અતુલકુમાર પરમારે આભારવિધિ કરી હતી.

આ વર્કશોપમાં ભાષા અને સાહિત્ય વિભાગના ડીન ડૉ. સંજય મકવાણા, અંગ્રેજી અને હિન્દી વિભાગના વડા ડૉ. અતુલકુમાર પરમાર તેમજ ડૉ. ગેલજી ભાટિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળા માટે 108 પ્રતિભાગીઓએ નોંધણી કરી હતી જેમાંથી કુલ 89 હાજર રહ્યા હતા.

આ રીતે, આ વર્કશોપ ખૂબ જ જ્ઞાનવર્ધક અને ઉપયોગી સાબિત થઈ. તેમાં સિદ્ધાંત અને પ્રયોગનું સુંદર સંકલન જોવા મળ્યું અને વિદ્યાર્થીઓને અનુવાદના ક્ષેત્રમાં નવી દૃષ્ટિ અને કુશળતા પ્રાપ્ત થઈ.

# સાબરમતી -પ્રતિભાવ

- પરીક્ષિત જોશી

## જાન્યુઆરી - 2026




અમદાવાદના મનોરમ્ય નદી કાંઠાના દૃશ્યને સુપેરે ઝીલતું ચિત્ર સાબરમતીના નામકરણને યથોચિત રીતે ચરિતાર્થ કરે છે. સાથે સામયિકનો મુદ્રાલેખ नदीमुखेनैव समुद्रमाविशेत् પણ એ વાતનું દ્યોતક છે.

મુખપૃષ્ઠ જાન્યુઆરી મહિનાના આપણા મુખ્યપર્વ ઉત્તરાયણને પૂર્ણરૂપથી જીવંત કરે છે.

સંપાદકીયમાં બે ફકરાં વચ્ચેની ખુલ્લી જગ્યા થોડી વધુ ખુલ્લી થઇ છે. એમાં થોડીક વિષય અનુરુપ મુદ્દા કે વિગત ઉમેરીને આ વધારે પડતી ખુલ્લાશને ઘટાડી શકાઇ હોત તો વધુ સારું થયું હોત.

ચાર લેખ સાથે થયેલી અને આગામી પ્રવૃત્તિઓ વિષયક માહિતી સુવ્યવસ્થિત રીતે મૂકાઇ છે. હિન્દીમાં મૂકાયેલા આ લેખમાં ફકરાનું પ્રમાણમાપ સંપાદકીય કરતાં ઘણું મોટું લાંબું છે જે વાંચનની દૃષ્ટિએ થોડુંક ઘટાડી શકાયું હોત તો વધુ સારું થયું હોત. ગાંધીજી પણ લેખનની બાબતે સાદા સરળ અને નાનાં વાક્યોના હિમાયતી હતા. એમની આત્મકથાના એક પ્રકરણમાં જ્યારે એમને પત્ર મળે છે ત્યારે એમણે ત્રણ વાક્યો માત્ર ત્રણ ક્રિયાપદથી લખી પોતાની વાતને એકદમ લાઘવમાં વ્યક્ત કરી હતી. બીજું કે આ લાંબા લેખમાં જો એકાદ બે ચિત્ર, પેટા શીર્ષક કે કોઇ વિચાર મુદ્દાને બૉક્સ તરીકે હાઇલાઇટ કરી શકાયો હોત તો સંપૂર્ણ લેખ એક રીતે ફ્લેટ જાય છે એમ ન બન્યું હોત. જે રીતે પાનાનું સુશોભન થયું છે એમાં આવી નાનીનાની વિગતને સમાવી શકાવાની સંપૂર્ણ શક્યતા રહેલી છે અને એનો સુનિયોજિત રીતે ઉપયોગ થાય તો પૃષ્ઠસજ્જા પણ વધુ દીપી ઉઠે.

વિજ્ઞાન આધારિત લેખમાં જે ચિત્રાત્મક સમજ આપવામાં આવી છે એ નયનરમ્ય છે.

પત્રપ્રસાદી લેખ ઉપરોક્ત બધા મુદ્દા સૂચનને જાણે વગર કહે આવરી લેતો હોય એવી રીતે મૂકાયો છે. એની કન્ટેન્ટને લીધે વાંચનક્ષમ તો છે જ પરંતુ સાથોસાથ એની સાજસજ્જાને લીધે જોતાંજોતાં વાંચવો પણ ગમે એવો છે. આવા પ્રકારના પુસ્તક પરિચય કે રસાસ્વાદ થવાના હોય તો લેખકને પુસ્તક લખવુંય ગમે એવી કમેન્ટ અતિશયોક્તિ કર્યા વિના કહી શકાય.

વિશ્વભરમાં કદાચ એકમાત્ર હિન્દુરાષ્ટ્ર એવા નેપાળમાં છેલ્લાં કેટલાંક દાયકાઓથી જે રીતે રાજકીય ઉથલપાથલ થઇ રહી હતી, છે એનો તાદૃશ્ય ચિતાર યોગ્ય રીતે મૂકાયો છે. Gen Z ની ચળવળને કારણે નવી પેઢીના નેતા બાલેન શાહના નેતૃત્વમાં રચાયેલી નેપાળ સરકારની સમસામયિક વાતને યુવાનો સુધી પહોંચાડવાનો પ્રયાસ સ્તુત્ય છે.

સામયિકમાં ઉડીને આંખે વળગે એવો વિભાગ હોય તો એ આ પ્રવૃત્તિ દર્પણ છે. અનેકવિધ પેટા શીર્ષકો હેઠળ લખાયેલા આ વિભાગમાં એક મહિનામાં ગૂજરાત વિદ્યાપીઠમાં અને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા જે અનેકવિધ પ્રવૃત્તિઓ થઇ એનો સુરેખ ચિતાર મળી આવે છે. ક્રમબદ્ધ તારીખ મુજબ ગોઠવાયેલા સમાચાર, માહિતી વિદ્યાર્થીઓ સહિત ભાવકોને પણ કનેક્ટ કરે છે. જોકે એમાં માનનીય કુલાધિપતિશ્રી કે કુલપતિશ્રીના કાર્યક્રમની વિગતો અલગથી એક વિભાગમાં સંગ્રહિત કરીને મૂકવામાં આવે તો વધુ સારી રીતે સમાજ સુધી સંદેશ પહોંચે.

આગામી કાર્યક્રમો પણ એક વિશિષ્ટ વિભાગ બની રહે છે જે નજીકના સમયમાં થનારી સંસ્થાગત પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી પ્રદાન કરે છે.

અંકના બેય ટાઇટલ પેજ, પહેલું અને છેલ્લું, મહિનાની વિશિષ્ટતા છતી કરે છે. અનેક વિદ્યાશાખામાં અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાનું સામયિક માતૃભાષા ગુજરાતીના ભાષા સાહિત્યની છાંટ ધરાવતું બને એનાથી રૂડું શું?

# ફેબ્રુઆરી - 2026




જાન્યુઆરીના અંકમાં સંપાદકીયમાં બે ફકરા વચ્ચેની ખુલ્લી જગ્યા થોડી વધુ ખુલ્લી થઇ છે એવી નોંધ કરી હતી અને એક સૂચન પણ ઉમેર્યું હતું કે જો એમાં થોડીક વિષય અનુરુપ મુદ્દા કે વિગત ઉમેરીને આ વધારે પડતી ખુલ્લાશને ઘટાડી શકાઈ હોત તો વધુ સારું થયું હોત.

ફેબ્રુઆરીનો અંક જોતાં એ વાત સંપાદક અને ટીમ સુધી જાણે પહોંચી ગઈ હોય એ રીતે ખુલ્લી જગ્યાનો કન્ટેન્ટ માટે યોગ્ય ઉપયોગ થઇ ગયો છે. મજાની વાત એ છે કે આ બેય અંક સાગમટે પ્રાપ્ત થયા છે એટલે જાન્યુઆરી માટેના સૂચન સંપાદકીય ટીમ સુધી પહોંચ્યા હોય એવી કોઈ શક્યતા નથી. છતાં સંપાદકીય ટીમની સમજસૂઝની પ્રશંસા એટલા માટે કરવી પડે કે કદાચ, જાન્યુઆરી અંકનો રિવ્યૂ કર્યા પછી એમણે આ સુધારો કરી ફેબ્રુઆરી અંકને વધુ સારી રીતે રજૂ કર્યો છે.

ફેબ્રુઆરી મહિનો આમ પણ છત્રપતિ શિવાજી મહારાજ સાથે સંકળાયેલો છે. એમના વિશે સંશોધન પત્ર જેવો લેખ લેખકદ્વયની સંશોધન પરત્વેની ઐતિહાસિક દૃષ્ટિને સુપેરે વ્યક્ત કરે છે.

સમસામયિક ઘટનામાં કેન્દ્રીય અંદાજપત્ર વિશે ચિત્રાત્મક રજૂઆત મોહક છે. બાકી આપણે જાણીએ છીએ કે આંકડાની વાતને શબ્દોમાં રજૂ કરતાં એ વધુ કંટાળો પેદા કરે છે પણ અહીં એ સમસ્યા ઉદ્ભવતી નથી.

આંતરરાષ્ટ્રીય સ્તરે બાંગ્લાદેશની દુનિયામાં ડોકિયું કરતો લેખ બે ક્રાંતિને યોગ્ય રીતે મૂલવે છે.

સાહિત્ય વિષયક લેખ અન્વયે સુરેશ જોષીની નાયિકાના માધ્યમથી સ્ત્રી શક્તિકરણની ચર્ચાઓ વચ્ચે એક મહિલાની વાતને વાચા આપવાનું કાર્ય યોગ્ય રીતે થયું છે.

પદ્મશ્રી સન્માનિત હાસ્યલેખકના પુસ્તકનો પરિચય વિષયની ગંભીરતા અને ઘટનાના ગૌરવ સાથે ઔચિત્યપૂર્ણ રીતે મૂકાયો છે.

જાન્યુઆરીના અંકમાં સંસ્થા પ્રવૃત્તિઓ વિભાગ વિશે, એમાં માનનીય કુલાધિપતિશ્રી કે કુલપતિશ્રીના કાર્યક્રમની વિગતો અલગથી એક વિભાગમાં સંગ્રહિત કરીને મૂકવામાં આવે એવી વાત કરી હતી જે ફેબ્રુઆરીના અંકમાં, પુનરોક્તિના દોષને વહોરીને પણ કહીશ કે, પ્રતિભાવ કે સૂચન સંપાદકીય ટીમ પાસે પહોંચે એ પૂર્વે અપડેટ થઇ ચૂક્યો છે. એ માટે પુનઃ સંપાદકીય ટીમને અભિનંદન.

તત્કાલીન સમયમાં હસ્તલિખિત ચાલતું આ સાબરમતી, વિદ્યાર્થીકાળમાં અમારી રચનાઓ પણ સમાવતું એ પણ એક સંસ્મરણ. ઉપાસના ખંડની બહાર, મ.દે.ના પ્રવેશદ્વાર પાસેની દીવાલો પર જ્યારે સાબરમતીનો અંક મૂકાતો ત્યારે વિદ્યાર્થી તરીકે એમાં લિખિત સ્વરૂપે પ્રકાશિત થયેલી કૃતિઓ જોવા વાંચવા અને ખાસ તો આપણી કૃતિ સમાવાઈ છે કે કેમ, એ જાણવા ઉત્સુકતાથી પહોંચી જતા. આજે જમાનો બદલાયો, અત્યાધુનિક તકનીકના ઉપયોગથી તૈયાર થતું આ સાબરમતી પણ વિદ્યાર્થીઓ વચ્ચે એવું લોકપ્રિય બને, ખાસ તો સૌ કાગડોળે એની રાહ જોવે, ઉપલબ્ધ થાય એટલે વાંચે, વિષય પર વિચારે અને પ્રતિભાવે, એવી શુભેચ્છાઓ સહ તંત્રીશ્રી, સંપાદક મહોદય અને સંપાદકીય ટીમ સહિત સંકળાયેલા સૌને અભિનંદન.

પરીક્ષિત જોશીના વંદન અને વંદે માતરમ્...
જય હો શબદ દેવનો જય જય હો...

# પ્રવૃત્તિ - દર્પણ

-શ્રી અદ્વૈતા દવે

## વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ











### ડિજિટલ સાક્ષરતા ક્ષેત્રે ગૂજરાત વિદ્યાપીઠની ગૌરવપૂર્ણ સિદ્ધિ (01/04/2026)

ગૂજરાત વિદ્યાપીઠ માટે આ એક ગૌરવની ક્ષણ છે! વિદ્યાપીઠની પીએચ.ડી. છાત્રા ડૉ. નિશા જોશીએ 'ડિજિટલ સાક્ષરતા' વિષય પર એક રાષ્ટ્રીય કક્ષાનું નીતિ માળખું (Policy Framework) તૈયાર કર્યું છે, જેની ભારત સરકારના કોપીરાઈટ ઓફિસ દ્વારા નોંધણી કરવામાં આવી છે. નાગરિકોને સશક્ત બનાવવા અને સુરક્ષિત ડિજિટલ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા તરફનું આ એક મહત્ત્વપૂર્ણ કદમ છે. આ સિદ્ધિ બદલ ડૉ. નિશાને હાર્દિક અભિનંદન!

### વિશ્વ સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે આયુર્વેદિક નિદાન કેમ્પનું આયોજન (07/04/2026)

વિશ્વ સ્વાસ્થ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે ગૂજરાત વિદ્યાપીઠ (શારીરિક શિક્ષણ વિભાગ), NSS, ઉન્નત ભારત અભિયાન અને મોડેલ આયુર્વેદિક કોલેજ, કોલવડાના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય આયુર્વેદિક શિબિર સંપન્ન થઈ. આ શિબિરમાં આશરે 100 ગ્રામજનો અને 240 વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. તપાસ બાદ તમામને વિનામૂલ્યે આયુર્વેદિક દવાઓ અને ઔષધયુક્ત ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

### વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા જીવદયાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ (08/04/2026)

માનવતા અને અહિંસાના પાઠ માત્ર પુસ્તકોમાં જ નહીં, પરંતુ આચરણમાં પણ છે તે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ સાબિત કરી બતાવ્યું. નાનકડા પંખીઓના જીવ બચાવીને વિદ્યાર્થીઓએ કરુણાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે. અહિંસાના માર્ગ પર ચાલતા આ યુવાઓના કાર્યને વિદ્યાપીઠ પરિવાર બિરદાવે છે.

### પૃથ્વી દિવસની અનોખી ઉજવણી: પર્યાવરણ જાળવણીનો સંકલ્પ (22/04/2026)

પ્લાસ્ટિક મુક્ત પૃથ્વીનો સંદેશ ફેલાવવા માટે ગૂજરાત વિદ્યાપીઠના કલામંદિર દ્વારા પૃથ્વી દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી. ક્લોથ બેગ પેઈન્ટિંગથી લઈને નેચર ડાન્સ સુધીના વિવિધ કાર્યક્રમો દ્વારા પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. પ્રકૃતિનાં ગીતો અને સર્જનાત્મક વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓએ પર્યાવરણને સાચવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

### પરીક્ષાના દિવસો: શાંતિ અને એકાગ્રતાનો સંગમ (27/04/2026)

પરીક્ષાનો સમય એટલે માત્ર કસોટી નહીં, પણ શાંતિ, એકાગ્રતા અને આત્મવિશ્વાસ કેળવવાની તક. હાલ ગૂજરાત વિદ્યાપીઠમાં પરીક્ષાલક્ષી માહોલ જામ્યો છે, જ્યાં વિદ્યાર્થીઓ સંપૂર્ણ નિષ્ઠા અને સ્થિર ચિત્તે પોતાની શૈક્ષણિક લક્ષ્ય તરફ આગળ વધી રહ્યા છે.



### ગૌરવવંતી સિદ્ધિ: 'યુવા સંગમ' (ફેઝ-VI) માટે ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની પસંદગી



'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલ અંતર્ગત ભારત સરકારના 'યુવા સંગમ' કાર્યક્રમ માટે ગૂજરાત વિદ્યાપીઠના બે વિદ્યાર્થીઓની ગૌરવપૂર્ણ પસંદગી થઈ છે:

1. **પ્રિયાંશી સોંડાગર (MCA, સેમેસ્ટર-02, કમ્પ્યુટર વિજ્ઞાન વિભાગ)**
2. **પરમાર આશિષ બી. (M.A., ગુજરાતી વિભાગ)**

આ પ્રતિનિધિઓ ગુજરાતથી ઓરિસ્સાની મુલાકાત લઈ ત્યાંની સંસ્કૃતિ, પરંપરા અને જ્ઞાનનો અનુભવ કરશે. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ બંને વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન અને સુખદ યાત્રાની શુભકામનાઓ!

# પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર

### બીજ પ્રમાણન એજન્સીની શૈક્ષણિક મુલાકાત: પ્રાયોગિક શિક્ષણનો અનુભવ (03/04/2026)



સમાજકાર્ય અને ગ્રામવિકાસ વિભાગના BRS સત્ર–2 ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ શૈક્ષણિક મુલાકાત લીધી હતી. 'બીજ પ્રમાણન અને ગુણવત્તા પરીક્ષણ' વિષયના પ્રાયોગિક અભ્યાસના ભાગરૂપે વિદ્યાર્થીઓએ 'ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી', અમદાવાદની મુલાકાત લઈ બીજની ગુણવત્તા અને પ્રમાણન પ્રક્રિયાનું જીવંત નિદર્શન મેળવ્યું હતું.

### 'પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના' ઓરિએન્ટેશન (08/04/2026)





ગૂજરાત વિદ્યાપીઠના રોજગાર પરામર્શન એકમ દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે 'પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના 2026' અંતર્ગત વિશેષ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે કોર્પોરેટ કાર્ય મંત્રાલય (MCA)ના ઉપ-નિદેશક અંકિતા લાહોટી (I.C.L.S.) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને આ યોજનાના લાભો અને કોર્પોરેટ જગતની જરૂરિયાતો વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

### શિક્ષણ વિભાગ દ્વારા AMCની શાળાઓમાં કારકિર્દીની તકો અંગે માર્ગદર્શન (13/04/2026)



ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ઓરિએન્ટેશન કાર્યક્રમમાં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી ડૉ. એલ.ડી. દેસાઈ સાહેબે વિશેષ હાજરી આપી હતી. તેમણે એ.એમ.સી. હેઠળની વિવિધ શાળાઓમાં શિક્ષણ ક્ષેત્રે ઉપલબ્ધ વિવિધ અવસરો વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી, જે ભાવિ શિક્ષકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

### ફિટનેસ ક્ષેત્રમાં વ્યાવસાયિક તકો: સાદરા કેમ્પસ ખાતે સેમિનાર (15/04/2026)




શારીરિક શિક્ષણના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ સેલ અને 'એનીટાઈમ ફિટનેસ'ના સંયુક્ત ઉપક્રમે સાદરા કેમ્પસ ખાતે એક વિશેષ સત્ર યોજાયું હતું. આ કાર્યક્રમમાં ફિટનેસ પ્રત્યેના શોખને વ્યવસાયમાં કેવી રીતે બદલી શકાય તે અંગે નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું, જેનાથી શારીરિક શિક્ષણના છાત્રોમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો.

### શબ્દોનો ઉત્સવ અને કવિતાની હેલી (23/04/2026)




વિશ્વ પુસ્તક દિવસની પૂર્વ સંધ્યાએ, ગૂજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં પ્રખ્યાત કવિ હરદ્વાર ગોસ્વામી સંપાદિત પુસ્તક '૧૦૮ એવરગ્રીન ગુજરાતી POEMS'નું વિમોચન આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં સંપન્ન થયું.

## પ્રોફેસર ઓફ પ્રેક્ટિસનો સ્વાગત સમારોહ

### પ્રોફેસર ઓફ પ્રેક્ટિસનો સ્વાગત સમારોહ (01/04/2026)



ગૂજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગમાં 'પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ' તરીકે નિમણૂક પામેલ જાણીતા લેખક શ્રી રામ મોરીના સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ભાષા, સાહિત્ય અને પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા અને સાહિત્યિક સંવાદમાં સહભાગી બન્યા.

સાહિત્ય અને પત્રકારત્વના સંગમ સાથે નવી પેઢી માટે માર્ગદર્શનનો માર્ગ પ્રશસ્ત થયો.



**ઇતિહાસના ક્ષેત્રમાં કારકિર્દી નિર્માણ અંગે વિશેષ વ્યાખ્યાન (13/04/2026)**

ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા 'ઇતિહાસના અભ્યાસ પછી કારકિર્દી ઘડતર' વિષય પર પ્રેરણાદાયી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. 'પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ' શ્રી સંજય પ્રસાદે આ વિષય પર વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે ઇતિહાસ વિષય સાથે કયા-કયા ક્ષેત્રોમાં ઉત્તમ તકો રહેલી છે તેનું માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



**પત્રકારત્વના પલટાતા પ્રવાહો પર વ્યાખ્યાન (03/04/2026)**

આ કાર્યક્રમમાં વક્તા શ્રી અજય ઉમટે આધુનિક મીડિયા પરિપ્રેક્ષ્યમાં પત્રકારત્વના પરિવર્તન, નવી દિશાઓ અને પડકારો અંગે વિસ્તૃત સમજ આપી. કાર્યક્રમ ઉપસ્થિત સૌ માટે વિચારપ્રેરક સાબિત થયો.




**પ્રોફેસર ઓફ પ્રેક્ટિસનો સ્વાગત પ્રસંગ (08/04/2026)**

ગુજરાતી વિભાગના 'પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ' તરીકે નિમણૂક પામેલ પદ્મશ્રી તુષાર શુક્લનું ગ્રંથાલય ઉપાસનાખંડ ખાતે સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે ભાષા-સાહિત્યના વિદ્યાર્થીઓ અને ગ્રંથાલયના સેવકો ઉપસ્થિત રહ્યા. તેમને શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા.

## સત્રાંત દિવસની ઉજવણી








**ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ અને વિભાગ:**

- સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા (15/04/2026)
- યોગવિદ્યા વિભાગ (20/04/2026)
- શિક્ષણ વિદ્યાશાખા (21/04/2026)
- શારીરિક શિક્ષણ વિદ્યાશાખા (22/04/2026)
- વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા (24/04/2026)
- ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા (24/04/2026)
- વિજ્ઞાન વિદ્યાશાખા (25/04/2026) તેમજ માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા (25/04/2026) - ના વિદ્યાર્થીઓ માટે આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં 'સત્રાંત દિવસ'ની ઉજવણી કરવામાં આવી

# અન્ય પ્રવૃત્તિઓ

## નિવૃત્તિની ગૌરવસભર ક્ષણ (01/04/2026)





34 વર્ષના અખંડ સ્નેહ અને સમર્પણથી ગૂંથાયેલ શિક્ષણયાત્રાનો સુંદર વિરામ. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગુજરાત કુમાર વિનય મંદિરનાં ભાષાશિક્ષિકા શ્રીમતી જશુમતીબેન પટેલના નિવૃત્તિ પર્વ નિમિત્તે વિશેષ સન્માન સમારોહ યોજાયો. તેમની નિરોગી, શાંતિમય અને સુખદ નિવૃત્ત જીવનયાત્રા માટે હાર્દિક શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી.

## ત્રિમાસિક પ્રગતિનું અવલોકન (03/04/2026)



ગત ત્રણ મહિનાની કામગીરીનું વિશ્લેષણ અને ભવિષ્યના માર્ગદર્શન માટે વિભાગીય પ્રેઝન્ટેશન યોજાયું. વિવિધ વિભાગોની પ્રગતિ પર રચનાત્મક ચર્ચા થઈ અને આગળ વધવા માટે નવી દિશાઓ નક્કી કરવામાં આવી. સતત પ્રગતિ તરફ આગળ વધવાનો સંકલ્પ વ્યક્ત થયો.

## મણિબહેન પટેલ પરિસરનું નામકરણ (03/04/2026)



સરદાર વલ્લભભાઈ પટેલની પુત્રી, ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ વિદ્યાર્થીની અને ટ્રસ્ટી તથા સ્વાતંત્ર્ય સંગ્રામની અગ્રણી કાર્યકર સુશ્રી મણિબહેન પટેલના જન્મદિવસ નિમિત્તે શાહીબાગ સ્થિત પરિસરને “મણિબહેન પટેલ પરિસર” તરીકે નામ આપવામાં આવ્યું. સાદગી, સેવા અને સમર્પણના મૂલ્યોને અર્પિત આ પહેલ નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બની રહે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી.

## વિશિષ્ટ મહેમાનનો વિદ્યાપીઠ પ્રવાસ (06/04/2026)



ગાંધી સ્મૃતિના ઉપાધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય ખેલ મંત્રી શ્રી વિજય ગોયલજી ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાતે આવ્યા. તેમના પ્રવાસ દરમિયાન તેમણે પ્રાર્થના સભામાં ભાગ લીધો અને પરિસરમાં આવેલ સંગ્રહાલયોની મુલાકાત લઈ ગૂજરાત વિદ્યાપીઠની પરંપરા અને વારસાને નજીકથી અનુભવ્યો.

## ઇન્ડિગો ડાઇ વર્કશોપનો અનોખો અનુભવ (08/04/2026)

ગૂજરાત વિદ્યાપીઠના કલામંદિર ખાતે આયોજિત ‘ઇન્ડિગો ડાઇ વર્કશોપ’માં પ્રાકૃતિક રંગાઈની કળાનો અભ્યાસ કરવાનો અનોખો અવસર મળ્યો. ભાગીદારોએ



પરંપરાગત કૌશલ્ય સાથે સર્જનાત્મકતાનો સુંદર અનુભવ કર્યો.

## મોરારજી દેસાઈજીને શ્રદ્ધાંજલિ (10/04/2026)



ભારતના પૂર્વ વડાપ્રધાન અને ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલાધિપતિ તથા કુલપતિ ભારતરત્ન શ્રી મોરારજી દેસાઈની પુણ્યતિથિ નિમિત્તે અભય ઘાટ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ તેમજ અધ્યાપકો અને સેવકો દ્વારા તેમની રાષ્ટ્ર અને શિક્ષણ ક્ષેત્રે આપેલી અમૂલ્ય સેવાઓને વંદન કરવામાં આવ્યું.

## માતૃવંદનાથી શિક્ષણ સેવા સુધી (11/04/2026)



શ્રી જનકભાઈ નટવરલાલ પરીખ અને શ્રી પિયુષભાઈ નટવરલાલ પરીખ દ્વારા પોતાની માતૃશ્રી સ્વ. હંસાબેનની સ્મૃતિને શિક્ષણસેવા સાથે જોડતા એક પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી. ગૂજરાત વિદ્યાપીઠમાં દર વર્ષે

બી.એડ. (હિન્દી)ના તેજસ્વી વિદ્યાર્થીને "સ્વ. શ્રીમતી હંસાબેન નટવરલાલ પટેલ સ્મૃતિ ગોલ્ડ મેડલ" એનાયત કરવામાં આવશે. આ સેવાકાર્ય શિક્ષણ પ્રત્યેની સમર્પણભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.

### શૈક્ષણિક અને ઉદ્યોગ જગતનો સમન્વય (11/04/2026)



કે.આર. શ્રોફ ફાઉન્ડેશન, અમદાવાદ ખાતે આયોજિત પ્રેરણાદાયક સત્રમાં શ્રી પ્રતુલ શ્રોફ સાથે અર્થપૂર્ણ ચર્ચા થઈ. મેનેજમેન્ટ વિભાગના અધ્યાપકોએ શૈક્ષણિક શ્રેષ્ઠતા અને ઉદ્યોગ સાથેના સહયોગ માટે નવી તકો શોધી. આ સંવાદ ઉજ્જવળ ભવિષ્ય તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થયું.

### એનસીસી પ્રવૃત્તિઓનું વાર્ષિક નિરીક્ષણ (18/04/2026)



કર્નલ અનંત ભાગવતજી દ્વારા એનસીસીની વિવિધ પ્રવૃત્તિઓનું વાર્ષિક ઑડિટ કરવામાં આવ્યું. આ અવસરે તેમણે ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ સાથે મુલાકાત કરી અને પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરી.

### ઘરે બેઠા પુસ્તકોની સેવા (21/04/2026)

ગૂજરાત વિદ્યાપીઠના સમૃદ્ધ ગ્રંથાલયમાંથી હવે પોતાની પસંદગીની પુસ્તકો ઘર સુધી મંગાવવાની સુવિધા ઉપલબ્ધ બની છે. ઑનલાઇન નોંધણી કરીને પોસ્ટ દ્વારા શિક્ષણ અને સાહિત્યની દુનિયા સાથે સરળતાથી જોડાઇ શકાય છે.



### આંગણવાડી બહેનોની તાલીમ પૂર્ણ (22/04/2026)

સુરત જિલ્લા આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા સરદાર પટેલ તાલીમ કેન્દ્ર, સાદરા ખાતે આયોજિત તાલીમમાં 70 બહેનો ઉત્સાહપૂર્વક જોડાઈ. સમાપન પ્રસંગે પ્રમાણપત્ર વિતરણ સાથે પ્રેરણાદાયી સંદેશો આપવામાં આવ્યા. સશક્ત મહિલાઓ દ્વારા સશક્ત સમાજની દિશામાં એક મજબૂત પગલું આગળ વધ્યું.



### કારકિર્દી માર્ગદર્શનનો વિશેષ કાર્યક્રમ (25/04/2026)

ધોરણ 12 અને ગ્રેજ્યુએશન બાદના અભ્યાસક્રમો અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓને નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. નવી શિક્ષણ નીતિથી લઈને શિષ્યવૃત્તિ સુધીની જરૂરી માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ બની, જે વિદ્યાર્થીઓના ભવિષ્ય નિર્માણમાં ઉપયોગી સાબિત થશે.

## કૌશલ્યથી કારકિર્દી તરફ

### કેમ્પસ પ્લેસમેન્ટ ઇન્ટરવ્યુનું આયોજન (22/04/2026)

સમાજકાર્ય અને ગ્રામવિકાસ વિભાગ તથા રોજગાર પરામર્શન એકમ દ્વારા આયોજિત કેમ્પસ પ્લેસમેન્ટ ઇન્ટરવ્યુ કાર્યક્રમમાં વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ભાગ લઈ વિદ્યાર્થીઓને કારકિર્દીના ઉત્તમ અવસર પૂરા પાડ્યા, જ્યાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે પોતાની પ્રતિભા રજૂ કરી.

### વિદ્યાર્થીઓને મળી કોર્પોરેટ તક (29/04/2026)

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે કટારિયા સુઝુકી દ્વારા કેમ્પસ ઇન્ટરવ્યુ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. મેનેજમેન્ટ અને HRM વિભાગ તથા પ્લેસમેન્ટ સેલના સંયુક્ત પ્રયાસોથી આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને કોર્પોરેટ જગતમાં ડગ માંડવા માટેનું એક ઉત્તમ પ્લેટફોર્મ મળ્યું. ગૂજરાત વિદ્યાપીઠમાં MBA અને HRM વિદ્યાર્થીઓ માટે 'કેમ્પસ ઇન્ટરવ્યુ ડ્રાઇવ' સફળતાપૂર્વક સંપન્ન થઈ.

### શિક્ષણ અને ઉદ્યોગ જગતનો સમન્વય (29/04/2026)

આ ડ્રાઇવમાં વી.એસ. એસ.એમ અને એ.યુ. સ્મોલ ફાઇનાન્સ બેંક જેવી સંસ્થાઓએ વિદ્યાર્થીઓને કરિયરની ઉત્તમ તકો પૂરી પાડી. મેનેજમેન્ટ વિભાગ અને પ્લેસમેન્ટ સેલના પ્રયાસોથી વિદ્યાર્થીઓને વ્યાવસાયિક દુનિયામાં પ્રવેશવા માટે એક સબળ મંચ મળ્યું.

### ફૂડ એન્ડ ન્યુટ્રીશન વિભાગનાં વિદ્યાર્થીઓ માટે ઓફ-કેમ્પસ પ્લેસમેન્ટની તક

ગૂજરાત વિદ્યાપીઠના ફૂડ એન્ડ ન્યુટ્રીશન વિભાગ અને પ્લેસમેન્ટ સેલના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે ઓફ કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ફૂડ એન્ડ ન્યુટ્રીશન વિભાગના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

### શિક્ષણના ક્ષેત્રમાં નવી તકોની દિશામાં એક પ્રેરણાદાયી પહેલ

"Teaching Career Opportunities & Guidance Session" (શિક્ષણ ક્ષેત્રે કારકિર્દીની તકો અને માર્ગદર્શન સત્ર) આજે સફળતાપૂર્વક સંપન્ન થયું. આ સત્રમાં શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન, પ્રેરણા અને વ્યવહારુ જાણકારી પ્રાપ્ત થઈ.વિશેષ સંવાદમાં માનનીય અતિથિઓએ પોતાના અનુભવો શેર કર્યા અને વિદ્યાર્થીઓને સાચી દિશામાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા.

## કેળવણી દ્વારા ચારિત્ર્ય નિર્માણ: પ્રવેશ 2026

ગાંધીવાદી મૂલ્યો અને આધુનિક કૌશલ્યોના સમન્વય સાથે શ્રેષ્ઠ કારકિર્દી બનાવવા માટે ગૂજરાત વિદ્યાપીઠ આપનું સ્વાગત કરે છે.

અભ્યાસક્રમોની શ્રેણી:

- સ્નાતક (UG) | અનુસ્નાતક (PG)
- પી.જી. ડિપ્લોમા | પીએચ.ડી. (Ph.D.)
- છેલ્લી તારીખ: 08/05/2026
- સંપર્ક સૂત્ર:
    - admission2026@gujaratvidyapith.org
    - www.gujaratvidyapith.org
    - "મૂલ્યનિષ્ઠ શિક્ષણ, ઉજ્જવળ ભવિષ્ય"




# આગામી કાર્યક્રમો

## મે-2025




| | |
|---|---|
| 3 May | જ્ઞાન સંચય મહોત્સવ-2026 |
| 7 May | પુસ્તક વિમોચન કાર્યક્રમ |
| 10 May | ગૂજરાત વિદ્યાપીઠની GEETA 2026 પ્રવેશ પરીક્ષા |

ગરમ હવાની લહેરખીયે, નીજ કોમળ તન કરમાશે
અગન પીછોડી ઓઢી ધરતી, તુજ ચરણે ચંપાશે
સખી થંભી જા વાટે લગાર, સખીરી

તારો છેડલો તું માથે તું માથે રાખને જરા
આ તો ચૈતર વૈશાખનાં વાયરા
તારી વેણીની મ્હેક જાશે ઉડી
આ તો ચૈતર વૈશાખનાં વાયરા

અંગારા વેરતો તડકાનો તોર કાંઇ
અંગારા ઝીલતો આંખ્યુંનો તોર કાંઈ
તારી આંખ્યું અધોકડી તું રાખને જરા
આ તો ચૈતર વૈશાખનાં વાયરા

ઊનાયે વાયરા ને પાલવડે
પુરનાં ઓછરતાં ઓરતા ઉના
તારા હૈયા પર હાથ તો રાખને જરા
આ તો ચૈતર વૈશાખનાં વાયરા

- નંદકુમાર પાઠક